Friday 20, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## તિથલમાં અમેરિકન અભિનેત્રીની શૂટીંગ સમયે છેડતી : ૩ સામે ગુનો

### એકટર, પ્રોડયુસર પણ અતિથિ દેવો ભવઃ અને મહિલા સન્માનની ભાવના ભૂલ્યા : અભિનેત્રીને એસોસિયેટ અને એકિઝકયુટીવ પ્રોડયુસર તરીકે નિયુકિત અપાઈ હતી : મુંબઈમાં નોંધાયેલી ફરિયાદ ટ્રાન્સફર થઈ વલસાડ આવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૯ : ચાર મહિના અગાઉ વલસાડના તિથલ દરિયા કિનારે આવેલ તિથલ માં ફિલ્મનું શૂટિંગ માટે આવેલી અમેરિકન નાગરિકત્વ ધરાવતી અને ફિલ્મ ઉધોગમાં એજ્યુકેટીવ પ્રોડ્યુસર એવી ૩૯ વર્ષીય મહિલા સાથે અભિનેતા અને નિર્માતા સહિત ત્રણ ઈસમે છેડતી કરતા જે અંગેના મુંબઈમાં ફરિયાદ નોંધાયા બાદ વલસાડ સીટી પોલીસ મથકમાં જીરો નંબરથી ફરિયાદ નોંધવામાં આવી છે. વલસાડ તિથલ ની શ્રીલેખા હોટલમાં છેડતી થવા અંગે પીડિતાએ મુંબઈની માટુંગા પોલીસ મથક માં પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ ઝીરો નંબરથી વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે પીડિત મહિલા માર્ચ ૨૦૨૫માં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી મૃગેશ ઠાકુર નામના નિર્માતા-નિર્દેશકના સંપર્કમાં આવી હતી. આગામી ફિલ્મ "How to Feed A Soul" ના શૂટિંગ માટે મહિલાને એસોસિયેટ પ્રોડ્યુસર અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. આ ફિલ્મના શૂટિંગ માટે સમગ્ર ટીમ ૫ ડિસેમ્બરના રોજ વલસાડની શ્રીલેખા હોટેલ માં પહોંચી હતી.૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તિથલ રોડ પર આઉટડોર શૂટિંગ પૂર્ણ થયા બાદ, પીડિત મહિલા જ્યારે હોટેલ પર પહોંચી ત્યારે પોતાની ભૂલી ગયેલી વસ્તુ લેવા પ્રોડક્શન કાર પાસે ગઈ હતી. તે સમય દરમિયાન સાહિલ ગોયેલે મહિલાની એકલતાનો લાભ ઉઠાવી, તેની પાછળ આવીને અત્યંત અશોભનીય અને લંપટ ચેનચાળા કરી શારીરિક છેડતી કરી હતી. મહિલાએ વિરોધ કરતા આરોપીએ ઉદ્ધત વર્તન કર્યું હતું.ત્યારબાદ ૯ ડિસેમ્બરના રોજ સાહિલે પીડિત મહિલાને વોટ્સએપ પર "Get Fed janver" જેવો અત્યંત અશ્લીલ અને અપમાનજનક મેસેજ મોકલી માનસિક સતામણી કરી હતી. પીડિત મહિલાએ આ અંગે ફિલ્મ નિર્માતા મૃગેશ ઠાકુર અને સહાયક નિર્દેશક પાર્થ રાવતને જાણ કરતા ત્યારે તેમણે મહિલાને સાથ આપવાને બદલે તેને જ દોષિત ઠેરવી હતી. પાર્થ રાવત મહિલા પાસે દોડી ગયો હતો તેમ છતાં મૃગેશ ઠાકુરે સમગ્ર ઘટના જાણી હોવા છતાં મૌન સેવી આરોપી સાહિલના કૃત્યને વેગ આપ્યો હતો. જેથી પીડિત મહિલાએ મુંબઈના માટુંગા પોલીસ સ્ટેશનમાં ઝીરો જત્ય નોંધાવી હતી, જેઅંગે ની તપાસ માટે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. વલસાડ પોલીસ મથકમાં આરોપીઓમાં સાહિલ ગોયેલ (અભિનેતા) - રહે. વલસાડ, પાર્થ રાવત (સહાયક નિર્દેશક) - રહે. વલસાડ મૃગેશ ઠાકોર (નિર્માતા/નિર્દેશક) - રહે. વલસાડ સામે ફરિયાદ નોંધ આગળની તપાસ પોલીસે શરૂ કરી છે.



## ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિને પારનેરા પર ભકતોનો મહેરામણ ઉમટયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** આજથી શકિતની આરાધનાના પર્વ સમાન ચૈત્રી નવરાત્રિનો મંગલ પ્રારંભ થયો છે. વલસાડ જિલ્લામાં પ્રથમ નોરતે વહેલી સવારથી જ ભક્તિ અને આસ્થાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ખાસ કરીને વલસાડના પારનેરા ડુંગર પર બિરાજતા મહાકાલી, કાલિકા અને અંબા માતાના દર્શનાર્થે તેમજ વલસાડ શહેરના પ્રાચીન અંબા માતા મંદિરે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી.

વલસાડ ના ઐતિહાસિક પાનેરા ડુંગર પર વહેલી સવાર થી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. ડુંગરના પગથિયાં 'જય અંબે' અને 'જય મહાકાલી'ના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. માઈભક્તોએ ડુંગર ચઢીને માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોની સુરક્ષા અને સુવિધા માટે ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. વલસાડ શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક અંબા માતા મંદિર ખાતે પણ પ્રથમ નોરતે ભક્તોનું કીડીયારું ઉભરાયું હતું. વહેલી સવારે માતાજીની વિશેષ ઘટસ્થાપન વિધિ અને આરતીમાં સેંકડો ભક્તો જોડાયા હતા. મંદિરને આકર્ષક રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યું છે. દર્શન માટે લાગેલી લાંબી લાઈનોમાં નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ભીડને જોતા પોલીસ વિભાગ દ્વારા ડુંગર અને શહેરના મંદિરોમાં હોમગાર્ડ અને પોલીસ જવાનો તૈનાત કરાયા છે. સ્વયંસેવકો દ્વારા પીવાના પાણી અને લાઈન વ્યવસ્થા જાળવવામાં પૂરતો સહયોગ આપવામાં આવી રહ્યો છે. વાહનોની અવરજવર માટે ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

આગામી નવ દિવસ સુધી વલસાડ જિલ્લો માતાજીની ભક્તિમાં લીન રહેશે અને વિવિધ ગરબા મંડળોમાં ખેલૈયાઓ પણ ઝૂમી ઉઠશે.

## દમણમાં મહિલા ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૪ શરૂ થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૯ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવ ક્રિકેટ એસોસિએશન (DDCA) ના નેજા હેઠળ આયોજિત મહિલા ૮૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન ૪ શુક્રવારે સવારે દમણના દાભેલ સ્થિત નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ઉત્સાહપૂર્ણ વાતાવરણ વચ્ચે શરૂ થઈ હતી. વલસાડ, સુરત, બરોડા, ભરૂચ, ગાંધીધામ, દમણ, મુંબઈ અને નાસિકની ટીમોએ આ ભવ્ય અને રોમાંચક મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટે મહિલા ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું.

ઉદઘાટન સમારોહમાં ભાજપ દાદરા નગર હવેલી અને દમણ દીવ રાજ્ય પ્રમુખ મહેશ અગરિયા, રાજ્ય મહાસચિવ જિગ્નેશ પટેલ, દમણ જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ પટેલ, દમણ નગરપાલિકા પ્રમુખ દીપિકા બેન ટંડેલ, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ ભરત ભાઈ પટેલ અને DDCA ના કિશોર ભાઈ કાલી સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા મહેમાનોએ જણાવ્યું હતું કે આવી ઘટનાઓ મહિલાઓમાં રમતગમત પ્રત્યે રસ વધારે છે અને તેમને આગળ વધવાની તકો પૂરી પાડે છે. ટુર્નામેન્ટની આગામી મેચોને લઈને ખેલાડીઓ અને દર્શકોમાં ભારે ઉત્સાહ છે.

## ભાગડાવડા ઈદગાહમાં ઈદ-ઉલ-ફિત્રની નમાઝ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** ભાગડાવડા ઈદગાહ ટ્રસ્ટની એક અગત્યની બેઠક પ્રમુખ જનાબ એસ.એન. કાઝી ( શહર કાઝી ) ના અધ્યક્ષસ્થાને મસ્જિદે ઉમર ફારૂક માં મળી હતી. આ બેઠકમાં આગામી રમઝાન ઈદની નમાઝ ભાગડાવાડા ઈદગાહ માં સવારે ૐ૩૦ કલાકે પઢવામાં આવશે.નમાઝ પૂર્વે મુફતી જુનેદશાબ દ્વારા બયાન આપવામાં આવશે. ત્યારબાદ ઈદની નમાઝ સદામશાબ કાઝી દ્વારા પઢાવવામાં આવશે. એમ નક્કી કરાયું હતું.

## પારડીમાં આજે વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૯ :** પારડી નગરપાલિકા દ્વારા વિવિધ વિકાસકાર્યોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૦-૦૩-૨૦૨૬, શુક્રવારે બપોરે ૩ઁ૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાન, પારડી ખાતે યોજાશે.

કાર્યક્રમમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને ૧૫મા વિત્ત પંચ હેઠળના અનેક વિકાસકાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પેવર બ્લોક રોડ, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ, આંગણવાડી મકાન તથા પ્રાથમિક શાળાના ઓરડાઓ જેવા કામોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રસંગે રાજ્યના કેબિનેટ મંત્રી અને પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. સાથે જ વિશેષ ઉપસ્થિતિ તરીકે સાંસદ ધવલ પટેલ પણ હાજર રહેશે. પારડી નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા તમામ નાગરિકોને આ કાર્યક્રમમાં હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## બગવાડા-સારણ-રેંટલાવ રોડની કામગીરી માટ ડાયવર્ઝન અપાયું

### ઉદવાદા ઝંડાચોકથી હાઈવે સુધીનો રોડ પર ૨૫મી સુધી નો-એન્ટ્રી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના બગવાડા સારણ રેંટલાવ રોડની પહોળાઈ અને મજૂબીકરણની કામગીરી આગામી દિવસોમાં થનાર છે. જેથી આ રોડને વાહન વ્યવહાર માટે બંધ કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહિપાલસિંહ ચુડાસમા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૩૩ ની પેટા કલમ -૧ (બી) અન્વયે મળેલી સત્તાની રૂએ કાર્યપાલક ઈજનેર (મા.મ.) વિભાગ, પંચાયત, વલસાડની દરખાસ્ત મુજબ વાહનોની અવર જવર માટે પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડ્યુ છે. જેમાં જણાવાયુ છે કે, તા. ૧૮/૦૩/ ૨૦૨૬ થી તા. ૨૫/૦૩/૨૦૨૬ સુધી ઉદવાદા ઝંડાચોકથી મહાવીર રેસીડેન્સી થઈ ને.હા.નં.૪૮ સુધીનો રોડ પ્રતિબંધિત માર્ગ તરીકે જાહેર કરાયો છે. જેથી વાહન ચાલકોને ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. આ દિવસો દરમિયાન વાહન ચાલકો વાપીથી બગવાડા ટોલનાકા વાળા પુલ થઈ દમણ તેમજ ઉદવાડા ગામ તરફ જતા વાહનો ને.હા.નં. ૪૮ મોતીવાડા (રેલવે ઓવરબ્રિજ) થઈ ને.હા.નં. ૮૪૮ થઈને ઉદવાદા ગામ તેમજ દમણ તરફ આવન - જાવન કરી શકશે. પ્રતિબંધિત રસ્તાના બંને છેડે વાહનો પ્રવેશી ન શકે તે માટે કાર્યપાલક ઈજનેર (મા.મ.) વિભાગ, પંચાયત, વલસાડે જરૂરી આડશો (બેરીકેટીંગ) કરી બંને છેડે વાહનોના પ્રતિબંધ અંગેના બોર્ડ લગાવવાના રહેશે, આ સિવાય ટ્રાફિક નિયમન માટે સ્થાનિક પોલીસે કાર્યવાહી કરવાની રહેશે.

**જોઈએ છે**
**રિસેપ્શનિસ્ટ (મહિલા)**
**ઈન્ફિનિટી ઈમેજિંગ સેન્ટર, વાપી** ખાતે
રિસેપ્શનિસ્ટ (મહિલા) જોઈએ છે
**રસ ધરાવતા ઉમેદવારો સંપર્ક કરો**
**Contact : 6354811357, 9727724257**
જી-૧ ક્રિસ્ટલ પ્લાઝા, ચિરાયુ હોસ્પિટલની નીચે, મહિન્દ્રા શો રૂમની સામે, ને.હા.નં. ૪૮, વાપી

## તામછડીની નદીમાં યુવક ડૂબ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તામછડી ગામે નદીમાં ડૂબી જવાથી એક યુવકનું કરુણ અવસાન થવાની દુઃખદ ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તામછડી ગામના વરલાપાડા ફળીયાના રહેવાસી અલ્કેશભાઈ પંઢરભાઈ નાયક (ઉ.વ. ૨૮) તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે અંદાજે ૦૮:૩૦ વાગ્યાથી સાંજે ૦૪:૩૦ વાગ્યાની વચ્ચે કોઈપણ સમયે ગામની ચુલ્યાપાડા ફળીયામાં આવેલી નાર નદીના ચુલ્યાધરા વિસ્તારમાં નાહવા ગયા હતા. આ દરમિયાન તેઓ અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં ધરમપુર નગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સતત બે કલાક સુધી ચાલેલા રેસ્ક્યૂ ઓપરેશન બાદ યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. આ બનાવ અંગે મૃતકના સગા રાજેશભાઈ પંઢરભાઈ નાયક (ઉ.વ. ૪૨), રહે. તામછડી, વરલાપાડા ફળીયું દ્વારા જાહેર નોંધ કરવામાં આવી છે. ઘટનાને પગલે પરિવારજનો તેમજ સમગ્ર ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પોલીસે અકસ્માત અંગે આગળની તપાસ હાથ ધરી છે.









બોરિંગ સબસિડીના નામે આદિવાસી ખેડૂતો પાસેથી લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર

## આહવાના માલેગામમાં બોગસ એનજીઓનો પર્દાફાશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૯ :** ડાંગ જિલ્લામાં ફરી એકવાર બોગસ એનજીઓ દ્વારા આદિવાસી ખેડૂતોને નિશાન બનાવી મોટી છેતરપિંડી આચરાઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.જેમાં જેરીકો યુનિવર્સલ વર્લ્ડ નામની એક એનજીઓએ આહવા તાલુકાના માલેગામ વિસ્તારમાં ખેડૂતોને ખેતી માટે સબસિડીયુક્ત બોરિંગ સુવિધા અપાવવાની લાલચ આપી પ્રતિ લાભાર્થી દીઠ રૂપિયા ૨૧,૮૦૦ મુજબ નાણાં વસૂલ્યા હોવાનું બહાર આવ્યું છે.મળતી માહિતી મુજબ, ૧૧થી વધુ ખેડૂતો પાસેથી લાખો રૂપિયાની ઉઘરાણી કરવામાં આવી છે. એનજીઓ દ્વારા બોરિંગનું કામ કરાવી આપવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ન તો કોઈ કામગીરી હાથ ધરાઈ અને ન તો ખેડૂતોને નાણા પરત આપવામાં આવ્યા. પરિણામે પીડિત આદિવાસી ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. વિશેષ



નોંધનીય બાબત એ છે કે, આ જ એનજીઓ દ્વારા અગાઉ પણ આહવા વિસ્તારમાં સમાન પ્રકારની છેતરપિંડી કરવામાં આવી હતી. તે સમયે પોલીસ ફરિયાદ નોંધાઈ હોવા છતાં અસરકારક તપાસ હાથ ધરવામાં આવી નહોતી.જેના કારણે આ ટોળકી ફરી સક્રિય થઈ હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.જિલ્લા તંત્રની આ નિષ્ક્રિયતા સામે હવે ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટનાની જાણ થતાં જ ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે અને જવાબદાર તંત્ર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. પીડિત ખેડૂતો દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તથા છેતરાયેલા નાણાં પરત અપાવવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે. છેતરપિંડીનો ભોગ બનેલા ખેડૂતોની યાદી જોઈએ તો (૧)રામદાસભાઈ ગોવિંદભાઈ હડસ - ૨૧,૮૦૦.(૨)પાંડુભાઈ મંગળ્યાભાઈ ગાયકવાડ - ૨૧,૮૦૦ .(૩)પીન્ટુભાઈ આનંદભાઈ ભોયે - ૨૧,૮૦૦.(૪)દેવરાજભાઈ બદાભાઈ ચોયો - ૨૧,૮૦૦.(૫)બાલુભાઈ રતનભાઈ ઠાકરે - ૨૧,૮૦૦.(૬)મીરાબેન પાંડુભાઈ ઠાકરે - ૨૧,૮૦૦ (૭)ગુલાબભાઈ સીવદાસભાઈ પવાર - ૨૧,૮૦૦ (૮)ચીમનભાઈ દેવરાજભાઈ દળવી - ૨૧,૮૦૦ (૯)સીતારામભાઈ ભાવર્યાભાઈ ભોયે - ૨૧,૮૦૦ (૧૦)સોમાભાઈ માહદયા ગાયકવાડ - ૨૧,૮૦૦ (૧૧)કેતન પરમાર - ૨૧,૮૦૦ જ્યારે જોગબારી ગામના પીડિત ખેડૂતોમાં(૧)કાશીનાથભાઈ સખારામભાઈ ગાયકવાડ - ૨૧,૮૦૦ (૨)સીતારામભાઈ કળાભાઈ ગાયકવાડ - ૨૧,૮૦૦ (૩)ભીમાભાઈ કાળાભાઈ ગાયકવાડ - ૨૧,૮૦૦.આ સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએ નિષ્પક્ષ અને સઘન તપાસ હાથ ધરવામાં આવે તથા પીડિત ખેડૂતોને નાણાં પરત અપાવવામાં આવે તથા ભવિષ્યમાં આવી છેતરપિંડી અટકાવવા કડક પગલાં લેવામાં આવે તેવી માંગ જોર પકડી રહી છે.

## ખેરગામ કુમાર શાળામાં સેવા સેતુ-૨.૦ ગ્રામ્ય યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૧૯ :** તા. ૭/૩ એ પાટી ગામે પાંચ ગામડાનો, જામનપાડા ખાતે ૧૨/૯ એ ૯ ગામના અને ૧૭ માર્ચે ખેરગામ પીએમ કુમાર શાળામાં વાવ વાડ નાધઈ ભૈરવી પેલાડી ભૈરવી રૂઝવણી નારણપોર અને ખેરગામનો સેવા સેતુ યોજાયો હતો. મામલતદાર માં નિયમિત પદે નિયુક્ત થયેલા શ્રી વિજયભાઈ છો પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા સેવા સેતુમાં ૧,૦૨૬ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો જેમાં આધાર કાર્ડ ને લગતા તથા જન્મ મરણ નોંધ ને લગતા ૧૭-૧૭ પ્રશ્નો હતા લગ્ન નોંધણીના ૧૨ તથા વીજ જોડાણના નવ પ્રશ્નો નો નિકાલ થયો. હેલ્થ વેલનેસ કાર્ડ માટે ૨૫૧ જણાએ લાભ લીધો અને પશુ ચિકિત્સામાં ડીવર્મિંગ ના ૨૩૬ તથા રસીકરણના ૨૭૬ લાભાર્થી હતા.

મામલતદાર સેવાસદન દ્વારા ૨૭ થી વધુ સંલગ્ન જવાબદાર અધિકારીઓને હાજર રહેવા જણાવવાયુ હતું. જેમાં ચાર ખાતાવાળાના ટેબલ પાસે અરજદારો જોઈ શકે તેવા બેનર- નામ હતા નહીં અને આ સેવા સેતુ અંગેની આગોતરી જાણ ખેરગામ પત્રકાર સંઘને કરવામાં પણ આવી ન હતી જેથી આ લખનાર ભીડ જોઈને કુમાર શાળામાં પ્રવેશ્યા હતા અને સેવા સેતુ હોય મામલતદારનું અંગત ધ્યાન પણ આ પ્રશ્ને દોર્યું હતું નવીન પીએમશ્રી કુમાર શાળાના આચાર્ય અને શિક્ષિકાઓ સાથે મામલતદાર વિજયભાઈએ રૂબરૂ સંવાદ કર્યો હતો અને સમસ્યા જાણી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૦-૦૩-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** ચૈત્ર, બીજ **સૂર્યોદય :** ૦૬ : ૪૪ **સૂર્યાસ્ત** ૧૮ : ૫૦, **ચંદ્રોદય** - ૦૭:૧૮ **ચંદ્રાસ્ત** - ૦૮:૧૭ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - રેવતી

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે.

**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારા સ્વાસ્થ્ય ખાતર ખોટી ચિંતા ના કરશો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો?

**કર્ક(ડ.હ) :** આજે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે.

**સિંહ(મ.ટ.) :** આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે માનસિક લાભ અને ખાસ કરીને દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**તુલા (ર.ત.) :** અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે તમારે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો.

**મકર(જ.ખ) :** તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.

**કુંભ(ગ.શ.સ.) :** તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.

**મીન(દ.ચ.ઝ.થ) :** તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.

## વાંસદામાં રૂા.૬૩.૮૪ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત/ભૂમિપુજન અને લોકાર્પણ સંપન્ન



**વાંસદા, તા.૧૯ :** વાંસદા તાલુકાના સર્વાંગી વિકાસને વેગ આપતા આજે રસ્તા અને મકાન વિભાગ અંતર્ગત ખાંભલા, ચોરવણી, પીપલખેડ,અને લીમઝર ગામે વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું ભવ્ય લોકાર્પણ અને ખાતમુહૂર્ત/ભુમિપુજન કાર્યક્રમ યોજાયા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, આદિજાતી વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત સરકાર અને માન.લોકસભા દંડક તથા સંસદસભ્ય (૨૬- વલસાડ, ડાંગ) ધવલભાઈ એલ. પટેલ ના વરદ હસ્તે કુલ રકમ રૂ. ૬૩.૮૪ કરોડના રસ્તા અને મકાનોના કુલ ૮૫ કામોનું જનતા માટે લોકાર્પણ અને ખાતમુહૂર્ત/ભુમિપુજન કરી ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવામાં આવી હતી. જેમાં ભુરાભાઈ શાહ અધ્યક્ષ નવસારી, જિલ્લા ભાજપ મહામંત્રી લોચન શાસ્ત્રી અને શાંતિલાલ પટેલ વાંસદાના પ્રભારી મનીષ ભાઈ તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વાંસદા તાલુકાના અંતરિયાળ આદિવાસી અને ડુંગરાળ વિસ્તારને તાલુકાના મુખ્ય મથક તથા જિલ્લા મથકને જોડતા મુખ્ય માર્ગોનું કંન્સ્ટ્રકશન અને નવીનીકરણ થવાથી વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે. ખાતમુહૂર્ત કરવામાં આવેલા નવા માર્ગો ગ્રામ્ય અને શહેરી વિસ્તાર વચ્ચેનું અંતર ઘટાડશે, જે આર્થિક અને સામાજિક રીતે પથપ્રદર્શક સાબિત થશે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહર્ત કરવામાં આવ્યું છે, જે બનવાથી સ્થાનિક ગ્રામજનોને વહીવટી કામોમાં સરળતા રહેશે તથા ગામના બાળકોના ભવિષ્યના પાયારૂપ આંગણવાડી મકાનનું બાંધકામ થવાથી સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય અને પોષણની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્ય અતિથિઓ એ જણાવ્યું હતું કે, સરકાર છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા કટિબદ્ધ છે. મજબૂત રોડ નેટવર્ક એ કોઈ પણ પ્રદેશના વિકાસની જીવાદોરી હોય છે અને આજના આ કામોથી સ્થાનિક રોજગારી અને સુખાકારીમાં મોટો વધારો થશે.

આ કાર્યક્રમમાં માર્ગ અને મકાન વિભાગ જિલ્લા પંચાયત નવસારીની પેટા કચેરી વાંસદાના અધિકારીઓ / કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પેટા વિભાગીય કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા કામની વિગતો આપવામાં આવી હતી.

## ડાંગનાં વાસુર્ણા ખાતે ચૈત્ર નવરાત્રિમાં મૌન અનુષ્ઠાન સાથે જીવદયા સેવા યજ્ઞનો આરંભ



**સાપુતારા, તા.૧૯ :** પ્રાકૃતિની ગોદમાં વસેલા ડાંગ જિલ્લાનાં વાસુર્ણા ગામે ચૈત્ર નવરાત્રિનાં પાવન પ્રસંગે આધ્યાત્મિકતા અને માનવતાવાદી સેવાનો અદ્ભુત સંગમ જોવા મળી રહ્યો છે. ગુડીપડવાના શુભ મુહૂર્તે તેજસ્વિની સંસ્કૃતિધામ ખાતે બ્રહ્મવાદિની પૂજ્ય હેતલ દીદી દ્વારા વિશેષ 'મૌન અનુષ્ઠાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ અનુષ્ઠાનની વિશેષતા એ છે કે, નવ દિવસ સુધી પૂર્ણ મૌન પાળીને ઈશ્વર આરાધના સાથે જીવદયા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. સુરત ગૌશાળા મંડળના સહયોગથી કીડી જેવા સૂક્ષ્મ જીવોના સંરક્ષણ માટે 'કિડીયારું' પૂરવાના સેવાયજ્ઞનો પણ શુભારંભ થયો છે.દરરોજ વહેલી સવારે નિશ્ચિત સ્થળોએ આશરે ૨૦૦ કિલો બાજરીનો લોટ, ૧૦૦ કિલો બૂરુંખાંડ, ૧૦ કિલો ઘી, કોપરું અને બિસ્કિટના મિશ્રણ દ્વારા કીડીઓ તથા અન્ય અબોલ જીવ માટે અન્ન અર્પણ કરવામાં આવે છે. ઉપરાંત જંગલ વિસ્તારમાં શ્રીફળ મૂકી ચોમાસા સુધી જીવસૃષ્ટિ માટે આહારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.પૂજ્ય હેતલ દીદી દ્વારા યોગ, ધ્યાન અને સત્સંગ મારફતે ભક્તિ અને જીવદયાનો સંદેશ આપવામાં આવી રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં ચૈત્ર નવરાત્રિ દરમિયાન શક્તિ ઉપાસના સાથે મૌન વ્રતને આત્મશુદ્ધિની કઠિન સાધના માનવામાં આવે છે, જેનું જીવંત ઉદાહરણ અહીં જોવા મળી રહ્યું છે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિનેશભાઈ, અમૃતભાઈ, ધનસુખભાઈ તથા તેજસ્વિની સંસ્કૃતિ પરિવારના સભ્યોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.અહી નવ દિવસનું અખંડ મૌન અનુષ્ઠાન 'કિડીયારું' સેવા દ્વારા જીવદયા યજ્ઞ યોગ, ધ્યાન અને સત્સંગ દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવી રહ્યુ છે. સાથે પ્રકૃતિના મધ્યમાં આધ્યાત્મિક અનુભવ જે આ અનોખું અનુષ્ઠાન ક્રજીવ સેવા એ જ પ્રભુ સેવા ના મહામંત્રને સાકાર કરવાની સાથે આધ્યાત્મિકતા અને માનવતાનો પ્રેરણાદાયી સંદેશ ફેલાવી રહ્યું છે.

## દમણ રેડિયો

102.3 FM

શુક્રવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે** : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## ચીખલીમાં વિવિધ માર્ગોની કામગીરી હાથ ધરાઈ

**નવસારી, તા. ૧૯ :** નવસારી જિલ્લામાં ચીખલી તાલુકાના માર્ગ અને મકાન પેટા વિભાગ, ચીખલી દ્વારા બામણવેલ- દોણજા રોડ કિ.મી. ૦/૦ થી ૧૩/૦ છે. ચેઈનેજ કિ.મી. ૯/૨ થી ૯/૪ પર શટરિંગ વર્ક ઓફ રિટેનિંગ વોલનું કામ હરણગામ પાસે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ બ્રીજની કામગીરી પૂર્ણ થયા બાદ આસપાસના અનેક ગામો વચ્ચે સીધી કનેક્ટીવીટી થશે. તેમજ માર્ગ પર વાહનવ્યવહાર વધુ સુગમ અને સલામત બનશે. ખેરગામ બહેજ વડપાડા પાર્ટી રોડ કિ.મી. ૦/૦ થી ૧૦/૮૦ છે. આ વિકાસ કાર્યને ગુજરાત સરકાર તરફથી સત્તાવાર મંજૂરી મળી છે. સણવલ્લા કરંજવેરી રોડ કિ.મી. ૦/૦ થી ૩૮/૪ છે. આ માર્ગ પર મજબૂતીકરણ અને પહોળા ડામર વર્ક પેવર અને ટેન્ડમ રોલરનો ઉપયોગ કરીને ફોર લેનિંગ બીટ્યુમીન રોડ પેવિંગ કામ ચાલી રહયું છે. આ માર્ગ રાનકુવા, રૂમલાને જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે. બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ કિ.મી. ૯/૦ થી ૪૧/૨ અને ૪૪/૪ થી ૫૯/૬ છે.

ચેઈનેજ કિ.મી. ૩૧/૨ થી ૩૧/૪ પર કન્સ્ટ્રક્શન ઓફ માયનોર બ્રીજનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ બ્રીજની કામગીરી પૂર્ણ થયા પછી પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. વિવિધ માર્ગોના ગુણવત્તાપૂર્ણ, નિર્ધારિત સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ કરવામાં આવશે જેથી નાગરિકોને સુવિધાજનક તથા સુરક્ષિત મુસાફરી મળી રહેશે. સરકારશ્રીના વિકાસલક્ષી પ્રજાલક્ષી પગલાંઓ થકી નાગરિકો, ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને મુસાફરોને સીધો લાભ થશે.

## વાસણગામના ૪૨ વર્ષિય આધેડ ગુમ

**બીલીમોરા, તા. ૧૯ :** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના વાસણ પરબ વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષિય વિક્રમભાઈ મનુભાઈ હળપતિ તારીખ ૧૫/૦૩/૨૦૨૬ના રવિવારે પોતાના ઘરેથી કોઈને પણ જણાવ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. અંદાજે ૫ ફૂટ ૫ ઈંચની ઉંચાઈ, પાતળો બાંધો અને ઘઉંવર્ણો રંગ ધરાવતા વિક્રમભાઈએ ગુમ થયા સમયે કાળા રંગનું પેન્ટ અને બ્લુ કલરનું સ્પોર્ટ્સ ટી-શર્ટ પહેરેલું હતું. તેમની ખાસ ઓળખ એ છે કે તેમના જમણા હાથના કાંડા પાસે અંગ્રેજીમાં "V S" લખેલું છે. આ અંગે ગણદેવી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નં. ૦૭/૨૦૨૬થી નોંધ કરવામાં આવી છે. જો કોઈને પણ આ વર્ણન ધરાવતી વ્યક્તિ મળી આવે તો તાત્કાલિક ગણદેવી પોલીસ સ્ટેશનના નંબર ૬૩૫૯૬ ૨૬૫૭૭ અથવા હેડ કોન્સ્ટેબલ ભાવેશભાઈના મોબાઈલ નંબર ૯૭૨૫૮ ૪૮૪૧૨ પર સંપર્ક કરવા નમ્ર વિનંતી કરાઈ છે.

## વાંસદાના ગોધાબારી મુકામે સાકાર વાંચન કુટીરનુ લોકાર્પણ કરાયું

**વાંસદા, તા.૧૯ :** વાંસદા તાલુકાના ગોધાબારી મુકામે સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈના ફાઉન્ડર હિતેનભાઈ ભુતાના સૌજન્યથી નિર્મિત સાકાર વાંચન કુટીર ગોધાબારીનો લોકાર્પણ કાર્યક્રમ તથા અંગદાન-દેહદાન-ચક્ષુદાન સંકલ્પ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શરુઆતમાં પુસ્તકની જ્ઞાન યાત્રા હનુમાન મંદિર પાસેથી ચાંગી ઢોલ,તૂર,કાહળિયાના તાલ અને નૃત્ય સાથે વાજતે ગાજતે કરવામાં આવી હતી.જેનું ઉદ્ઘાટન પાર્થિવ મહેતા (પાર્થ ટ્રેડર્સ વાપી), અવિનાશ પટેલ (હિસાબી અધિકારી જિ.પંચાયત વલસાડ), સંગીતાબેન પાડવી (સરપંચ ગોધાબારી), વિનોદભાઈ(સરપંચ મોટી ભમતી),હંસાબેન ગાંગોડા (સરપંચ હોળીપાડા)ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યુ હતુ. રેઈન્બો વોરીયર્સ ધરમપુર ગ્રુપની અનોખી પરંપરા મુજબ ગામની સૌથી વધુ ભણેલી દીકરી



સ્નેહલબેન ચવધરીનું ફળાઉ છોડ આપી શાલ ઓઢાડી મહેમાનોના હસ્તે સન્માન,દરેક દાતાઓનુ પણ પુષ્પ છોડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગોધાબારી, હોલીપાડા, મોટી ભમતી ગામના અત્યાર સુધીના તમામ સરપંચોનું પુષ્પછોડ આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતુ તથા ગ્રામ વિકાસમાં એમના યોગદાનને બિરદાવ્યું હતુ. પોતાના પિતાનું દેહદાન કરનાર પાર્થ ટ્રેડર્સ વાપીના ફાઉન્ડર પાર્થિવ મહેતાએ અંગદન દેહદાન ચક્ષુદાન વિશે સુંદર માર્ગદર્શન પૂરું પડ્યું હતું તથા માનવના મૃત્યુ બાદ અંગદન દેહદાન ચક્ષુદાન કરવા માટે અપીલ કરી હતી. જેના ફળ સ્વરૂપે ૫ જેટલા વ્યક્તિઓએ અંગદાન, દેહદાન, ચક્ષુદાન કરવાનો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે સ્વ. પિતા ગુલાબભાઈ વી. પટેલનું દેહદાન કરનાર ગીરીશભાઈ પટેલ તથા પરિવારજનોનું શાલ ઓઢાડી સ્મૃતિપત્ર ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે અમદાવાદ હાઈકોર્ટના વકીલ પ્રકાશભાઈ પંડ્યા, કૃણાલભાઈ, જયંતીભાઈ પટેલ શીતલ છાંયડો લાઈબ્રેરી નગરીયા, નીમેશભાઈ ગાંવિત નાયબ ઓડીટર લોકલ ફંડ નવસારી, ચૈતન્ય પટેલ સબ એકાઉટન્ટ વલસાડ, મનીષભાઈ, જીતુભાઈ, ગુમાનભાઈ, અંબુભાઈ ગામીત કુકડા, કમલેશ, જયેશભાઈ પટેલ, ડૉ. વિરેન્દ્ર ગરાસિયા , વડીલો, શિક્ષકો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## સુડોકુ નં.૫૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૩૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

## નવસારીમાં કમોસમી વરસાદની આગાહીને પગલે ખેડૂત મિત્ર જોગ

**નવસારી, તા. ૧૯ :** હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા. ૧૮/૦૩/૨૦૨૬ થી તા.૨૧/૦૩/૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજયના જિલ્લાઓ જેવા કે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહિસાગર, અરવલ્લી, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનથ અને બોટાદ જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે,તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડૂતોને સંદેશ આપવામાં આવે છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહી તે મુજબ સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે.

## જન્મદિન મુબારક



**નામ : ફલક**

**પિતાનું નામ : ગુફ્રાન અનસારી**

**માતાનું નામ : રસીદા**

**જન્મ તારીખ : ૨૦/૦૩/૨૦૧૪**

**સ્થળ : વાપી**

## ધરમપુરમાં મહારાષ્ટ્રીયન પરિવારો દ્વારા ગુડી પડવાની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** ૬૨ વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ધરમપુર શહેરમાં મહારાષ્ટ્રીયન પરિવારો દ્વારા ગુડી પડવાનો તહેવાર ભવ્ય અને આનંદમય વાતાવરણમાં ઉજવાયો હતો. મોટા બજાર, દસોંદી ફળિયું, પ્રભુ ફળિયું, માછીવાડ સહિતના વિસ્તારોમાં વસવાટ કરતા મહારાષ્ટ્રીયન સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક આ તહેવારની ઉજવણી કરી હતી.

ગુડી પડવો હિન્દુ પંચાંગ અનુસાર નવા વર્ષની શરૂઆતનો પ્રથમ દિવસ માનવામાં આવે છે, જે ચૈત્ર સુદ પ્રતિપદાના દિવસે ઉજવાય છે. ખાસ કરીને મહારાષ્ટ્રમાં આ તહેવાર ખૂબ જ શ્રદ્ધા અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

આ દિવસે ઘરના મુખ્ય દ્વાર પાસે ગુડી સ્થાપિત કરવામાં આવે છે. લાકડીના છેડે સુંદર સાડી અથવા રેશમી કાપડ બાંધી, તેના પર લીમડાના પાન, આંબાની ડાળીઓ, ફૂલોના હાર અને હરડા લગાવવામાં આવે છે. ગુડીને ઊંચી રાખી બાંધવામાં આવે છે, જે વિજય અને સમૃદ્ધિનું પ્રતિક માનવામાં આવે છે.

ધાર્મિક માન્યતા મુજબ, ભગવાન શ્રીરામ ૧૪ વર્ષના વનવાસ પછી અયોધ્યા પરત ફર્યા અને તેમના રાજ્યાભિષેકના આનંદમાં આ તહેવાર ઉજવવામાં આવ્યો હતો.

ગુડી પડવાના દિવસે લીમડાનો રસ પ્રસાદરૂપે લેવાય છે. બપોરે લગભગ ૧૨ વાગ્યે ગુડીને માન-સન્માન સાથે ઉતારી તેની પૂજા કરવામાં આવે છે અને વિશિષ્ટ વાનગીઓનો થાળ ધરાવવામાં આવે છે. આ પ્રસંગે પુરણપોળી, ખીર, ભાત, કુરડઈ-પાપડ, ભજીયા જેવી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવામાં આવે છે.

સમગ્ર પરિવાર એકત્રિત થઈને પ્રસાદ ગ્રહણ કરે છે અને ગુડી પાસે પ્રાર્થના કરી આવનારું વર્ષ સુખ, સમૃદ્ધિ અને આરોગ્યમય રહે તેવી કામના કરે છે.

## વાપી જીઆઇડીસી પોસ્ટ ઓફિસમાં રોકડ જમા અને ઉપાડવા માટે એક જ કાઉન્ટર હોવાથી ગ્રાહકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપી જીઆઈડીસી ની પોસ્ટ ઓફિસમાં ખાતું શરૂ કરવા કે રોકડ જમા અને ઉપાડ માટેની એકમાત્ર કાઉન્ટરને લઈ ગ્રાહકો પરેશાન બન્યા છે અને કાઉન્ટર ઉપર ફરજ બજાવનાર દ્વારા ગ્રાહકો સાથે નુ બેહુદુ થી ગ્રાહકો પરેશાન બન્યા છે અન્ય કાઉન્ટર શરૂ કરવાની માંગ કરાઈ રહી છે વાપી ઉદ્યોગ નગર પોસ્ટ ઓફિસ માં લગભગ હજારોની સંખ્યામાં ગ્રાહકો રોજે



રોજ આવતા જતા હોય છે અને વાપી જીઆઈડીસી માં આવેલી ૫૦૦૦ થી વધુ કંપનીઓ એટલે કે એશિયાની સૌથી મોટામાં મોટી ઈન્ડસ્ટ્રીઝ તરીકે ગણના થાય છે તે વિસ્તારમાં આવેલી પોસ્ટ ઓફિસમાં અનેક કંપનીમાં કામ કરતાં કર્મચારીઓ તેમજ કંપનીનું અને કેટલાક ગ્રાહકોના સેવિંગ એકાઉન્ટ તેમજ જરૂરી કામકાજ માટે લોકો મોટી સંખ્યામાં જતા આવતા હોય છે ત્યારે આ પોસ્ટ ઓફિસમાં છેલ્લા એક દોઢ વર્ષથી બચત ખાતું શરૂ કરવા માટે તેમજ રૂપિયા જમા કરાવવા કે, ઉપાડવા માટે ટિકિટ મેળવવા માટે ની એક જ કાઉન્ટર રખાયું છે. જેને લઇ લોકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે તેમજ આ ટિકિટ બારી ઉપર કામ કરતા કર્મચારીઓ દ્વારા ગ્રાહકોને સંતોષકારક જવાબો પણ અપાતા નથી જેને લઇ ગ્રાહકો પરેશાન બન્યા છે આ અંગે વલસાડ જિલ્લા પોસ્ટ વિભાગના મુખ્ય અધિકારી દ્વારા સ્થળ તપાસ કરી તાત્કાલિક અહીં અન્ય કાઉન્ટર શરૂ કરવામાં આવે અને કર્મચારીઓના વિરુદ્ધ ઉઠવા પામેલી ફરિયાદો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પોસ્ટ વિભાગના ગ્રાહકો દ્વારા કરાઈ રહી છે.

## વાપીમાં રત્નાગીરી હાફૂસ કેરીનું આગમન થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મહારાષ્ટ્રની રત્નાગીરી આફૂસ કેરીનું આગમન થઈ ચૂક્યું છે અને આ કેરીઓ ૧૨૦૦ થી ૧૫૦૦ રૂપિયા ડઝનના ભાવે વેચાઈ રહી છે વાપી પંથકમાં દર વર્ષે રત્નાગીરી અને દેવગઢની આફૂસ કેરીનું આગમન લગભગ જાન્યુઆરીના એન્ડમાં થતું હોય છે પરંતુ આ વર્ષે રત્નાગીરી અને દેવગઢમાં વાતાવરણમાં અચાનક પલટો આવતા આફૂસ કેરી નો પાક મોડો થતા હાલમાં એટલે કે, માર્ચ એન્ડિંગમાં વાપીના જુના અને જાણીતા એવા આદર્શ જ્યુસ એન્ડ સેન્ટર માં સચિન ભાઈ બાફના અને ભાવેશભાઈ બાફના દ્વારા છેલ્લા ચારેક દિવસથી રત્નાગીરી આફૂસ કેરીનું વેચાણ કરવામાં આવી રહ્યું છે જોકે દર વર્ષ કરતાં આ વર્ષે રત્નાગીરી કેરીનું આગમન મોડું થયું હતું. જેને લઇ મદ્રાસની કેરીઓ વાપીના નેશનલ હાઈવે નંબર ૪૮ તેમજ બજારમાં કેટલાક લોકો રત્નાગીરી અને દેવગણનીઆફૂસ કેરી હોવાનું કહીને વેચાણ કરી રહ્યા છે તો લાલ કેરી પણ જે દર વર્ષે સો રૂપિયા કિલોના ભાવે મળતી હતી તે ૨૦૦ રૂપિયાના ભાવે મળી રહી છે.

જોકે અહીં વલસાડી આફુસ અને સ્થાનિક કેરીનું આગમન લગભગ એન્લિ મહિનાના કે, મે મહિનામાં થવાની શક્યતા વેપારીઓ તેમજ ખેડૂતો જોઈ રહ્યા છે.

## દમણમાં કૌશલ્ય મેળો યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૯ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં, શિક્ષણ વિભાગે સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ વ્યાવસાયિક શિક્ષણ હેઠળ કૌશલ્ય મેળાનું આયોજન કર્યું હતું.

મોતી દમણ જેટી ખાતે આયોજિત આ કૌશલ્ય મેળાનું ઉદ્ઘાટન સહાયક શિક્ષણ અધિકારી આર.કે. સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. મેળામાં ૨૯ થી વધુ વિવિધ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા, જ્યાં વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભા દર્શાવી હતી. કૌશલ્ય મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય કૌશલ્ય આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. પ્રાથમિકથી



ઉચ્ચતર માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓએ વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોમાં નવીન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા. વ્યવહારુ પ્રદર્શનો દ્વારા, વિદ્યાર્થીઓએ તેમના સંબંધિત ક્ષેત્રોને લગતી કુશળતા દર્શાવી હતી.આ સાથે, શિક્ષકો અને ઉદ્યોગ નિષ્ણાતો વચ્ચે એક સંવાદ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક માર્ગદર્શન મળ્યું હતું.

## ધોધડકુવા મહિલા સાથે છેતરપિંડી અને પ્રેમસંબંધનો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧૯ :** નાનાપોંઢા તાલુકાના ધોધડકુવા ગામમાં રહેતી એક મહિલાએ બે લોકો સામે છેતરપિંડી અને સંબંધના મામલે પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે.

મળતી માહિતી મુજબ ભારતીબેન રવિયાભાઈ નાયક નામની મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે આરોપી રમેશભાઈ હરિવા (મૂળ ઉત્તર પ્રદેશ) અને સુમિત્રાબેન સંજયભાઈ નાયક સુખાલા વચ્ચે લાંબા સમયથી પ્રેમસંબંધ ચાલતો હતો. ફરીયાદ મુજબ ભારતીબેને જણાવ્યું છે કે તેમના પતિના અવસાન બાદ તેઓ ઉત્તર પ્રદેશમાંથી પરત આવી ધોધડકુવા ગામમાં રહેવા લાગ્યા હતા. તે સમયે આરોપી રમેશભાઈ તેમની સાથે રહેવા લાગ્યા હતા અને છેલ્લા આશરે ૧૭ વર્ષથી બંને વચ્ચે સંબંધ રહ્યો હતો. આ સંબંધથી તેમને બે દીકરીઓ પણ થયેલી હોવાનું મહિલાએ પોલીસને જણાવ્યું છે.

મહિલાએ વધુમાં આક્ષેપ કર્યો છે કે આરોપી રમેશભાઈએ તેમની સાથે સંબંધ રાખતા હોવા છતાં સુમિત્રાબેન સાથે પણ ગુપ્ત પ્રેમસંબંધ રાખ્યો હતો. બંનેએ મળીને મહિલાને અંધારામાં રાખી ગામ છોડ્યું હોવાનો આરોપ પણ કરવામાં આવ્યો છે. મહિલાના જણાવ્યા મુજબ આરોપીઓ ઘરેથી રૂપિયા ૫,૦૦૦ રોકડ, આધાર કાર્ડ તથા બેંક પાસબુક લઈને ભાગી ગયા છે.

આ સમગ્ર મામલો હાલમાં નાનાપોંઢા પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હેઠળ રાખવામાં આવ્યો છે અને ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. મહિલાએ પોલીસ તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીઓ સામે કડક પગલાં લેવા માંગ કરી છે.

નાનાપોંઢા તાલુકાની ભારતીબેન રવિયાભાઈ નાયક નામની મહિલાએ જણાવ્યું છે કે તેમનો પતિ પડોશમાં રહેતી એક મહિલાને સાથે લઈ ભાગી ગયો છે. મહિલાએ જણાવ્યું કે તેમને બે પુત્રીઓ છે અને પતિ ઘર છોડીને જતા હાલમાં બંને પુત્રીઓ નિરાધાર બની ગઈ છે. મહિલાએ પોલીસને પરિવારને ન્યાય અપાવવા તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

નાનાપોંઢા તાલુકાના સુખાલા ગામમાં રહેતી સુમિત્રાબેન સંજયભાઈ નાયક અંગે વધુ વિગતો પણ સામે આવી છે. મળતી માહિતી મુજબ સુમિત્રાબેનને ત્રણ પુત્રીઓ છે, જેમાંથી એક નાની દીકરીને સાથે લઈ જવામાં આવી છે, જ્યારે બાકીની બે છોકરીઓને ઘરે જ મૂકીને ગયાનું કહેવાય છે. હાલ બંને છોકરીઓ ગામમાં રહી શાળામાં અભ્યાસ કરી રહી હોવાનું જાણવા મળ્યું છે.



ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા વલસાડના સી.બી. હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં ભવ્ય મહિલા આર્ટ એન્ડ ક્રાફટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ મેળાના પ્રવેશદ્વાર અને બહારના ભાગે જોવા મળતી ગંદકીએ મુલાકાતીઓમાં ભારે રોષ ઉઠ્યો છે. મેળાના મેદાનની બહારના ભાગે અસહ્ય પ્લાસ્ટિકના કચરાના ઢગલાઓ ખડકાયેલા છે. આવતા-જતા મુલાકાતીઓને દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે. મેળામાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે પરંતુ કચરાના નિકાલ માટે યોગ્ય ડસ્ટબિન કે સફાઈ કર્મચારીઓની વ્યવસ્થા બહારના ભાગે દેખાતી નથી.

## દમણ રોટરી કલબ દ્વારા જૂના કપડાં અને ફૂટવેર કલેકશન માટે ઝુંબેશ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૯ :** દમણ રોટરી ક્લબના સહયોગથી દમણ રોટરી ક્લબ દ્વારા જૂના કપડાં અને ફૂટવેર એકત્રિત કરવા અને જરૂરિયાતમંદ લોકોને તેનું વિતરણ કરવા માટે એક ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. દમણ રોટરેક્ટ ક્લબે ૧૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ દમણ રોટરી ઈન્ફોર્મેશન સેન્ટર ખાતે આ ડ્રાઈવનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ પહેલને સમુદાય તરફથી જબરદસ્ત સમર્થન મળ્યું હતું અને મોટી સંખ્યામાં લોકોએ ઉદારતાથી જરૂરિયાતમંદોને કપડાં અને ફૂટવેરનું દાન કર્યું હતું.

એકત્રિત કપડાંને જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિતરણ કરતા પહેલા સંપૂર્ણપણે સાફ અને પેક કરવામાં આવશે, જેથી લાભાર્થીઓ માટે ગૌરવ



અને ઉપયોગીતા સુનિશ્ચિત થાય.


ક્લબના સભ્યો, જેમાં ચાર્ટર પ્રેસિડેન્ટ નવનીત સિંહ ધામી અને ચાર્ટર ઓનરરી સભ્યો, સેક્રેટરી જય પ્રજાપતિ, ચાર્ટર ટ્રેઝરર ઓમ પાઠક, રોટેરિયન જીત પ્રજાપતિ (કાર્યક્રમ અધ્યક્ષ) અને એકતા પાંડે, રોટેરિયન રાજીવ ભટ્ટ (કાર્યક્રમ અધ્યક્ષ)નો સમાવેશ થાય છે, તેમના નેતૃત્વ અને પ્રયાસોને કારણે આ ઝુંબેશ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. દમણ રોટેરિયન ક્લબ આ પહેલને સફળ બનાવવામાં અને ઘણા લોકોના જીવનમાં ખુશી અને આશ્વાસન લાવવામાં યોગદાન આપનારા તમામ દાતાઓ અને સમર્થકોનો હૃદયપૂર્વક આભાર માને છે.

# દ.ગુ.ના અંતરિયાળ પ્રવાસન સ્થળોને નવી ઓળખ મળશે

**ઐતિહાસિક અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ, પારસી ટૂરિઝમ સર્કિટ, સુરત, તાપી, ડાંગ અને નવસારીની ઈકો-ટુરિઝમ સાઈટો અને ધાર્મિક સ્થળોને સાંકળતા રસ્તાઓ પહોળા અને અપગ્રેડ કરવા મુખ્યમંત્રીએ માતબર રકમ મંજૂર કરી છે**

**વડા-ધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતના પ્રવાસન ક્ષેત્રએ વર્ષ ૨૦૨૪માં વિદેશથી આવતા પ્રવાસીઓમાં ૧૪.૮૫ ટકા જેટલો જબદરસ્ત વધારો થયો છે : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ભારતમાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વિશેષ ઉભરી આવ્યું છે. સૌથી વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા નંબરે રહ્યું છે**











**(દમણગંગા ટાઈમ્સ)**

જો તમે અમદાવાદ, વડોદરા કે સુરત જેવા શહેરમાં રહો છો અને વીકએન્ડમાં દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક જંગલો અને પ્રવાસન સ્થળોએ જવુ છે તો હવે લાંબા આયોજનની જરૂર નહી પડે, આંખનાં પલકારામાં પહોંચી જશો. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દક્ષિણ ગુજરાતમાં આવેલા પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓને પહોળા અને અપગ્રેડ કરવાનો એક બૂસ્ટર ડોઝ આપ્યો છે.

તાજેતરમાં જ મુખ્યમંત્રીએ સુરત ઈકોનોમિક રિજિયન (SER) યોજના (ફેઝ ૧) અંતર્ગત સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જેવા જિલ્લાઓમાં વિવિધ રસ્તાઓ બનાવવા અને અપગ્રેડ કરવા માટે રૂ ૧૧૮૫ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરી છે. આ યોજનામાં પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓ માટે પણ માતબર રકમ ફાળવવામાં આવી છે. આ યોજના અતંર્ગત જિલ્લાઓમાં માર્ગોને પહોળા કરાશે, તેને મજબૂત કરાશે. જરૂરી જગ્યાએ આ રસ્તાઓ ચાર અને છ માર્ગિય કરાશે અને કેટલાક શહેરોમાં બાયપાસ માર્ગોનું નિર્માણ કરાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતના પ્રવાસન ક્ષેત્રએ વર્ષ ૨૦૨૪માં વિદેશથી આવતા પ્રવાસીઓમાં ૧૪.૮૫ ટકા જેટલો જબદરસ્ત વધારો થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ભારતમાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વિશેષ ઉભરી આવ્યું છે. સૌથી વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા નંબરે રહ્યું છે.

### સુરતના સુવાલી બીચ પર સહેલાઈથી પહોંચી શકશો

સુરતનાં દરિયાકાંઠે આવેલા મોરા-સુવાલી બીચ માર્ગનો વિકાસ કરાશે આથી, સુવાલી બીચ સુધી પહોંચવું વધુ સરળ બનશે. સુવાલી બીચ સુરત જિલ્લાના મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળ તરીકે વિકસ્યુ છે અને અહીં યોજાતો સુવાલી બીચ ફેસ્ટિવલ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. માર્ગના વિકાસથી પ્રવાસન પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળશે તેમજ વિસ્તારમાં આર્થિક વિકાસને ગતિ મળશે.

સુવાલી બીચ રોડ કોસ્ટર હાઈવે ફેઝ-૧ અંતર્ગત ૧૦.૦૦ મી પહોળો કરવામાં આવ્યો હતો. અને ત્યાર પછી સુવાંલી બીચનો સુરત જિલ્લાના પ્રવાસન સ્ટ્થળમાં સમાવેશ કરાયો હતો. હવે હજ્જારોની સંખ્યામાં સહેલાણીઓ આ બીચની મુલાકાત લે છે. આથી, મોરાથી સુવાલી બીચ રોડ ફોર લેન કરવામાં આવશે.

### ઐતિહાસિક અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ પહોળો કરાશે

મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીયાત્રાનાં રૂટ પર હવે સહેલાઈથી પ્રવાસ કરી શકાશે. અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ- પર આવતા કદરામા, એરથાણ, ટકરામા, ભટગામ, મોહમ્મંદપુરા, ગોલા, સાંધિયેર, ગામને આ રસ્તો જોડે છે. આ રસ્તાને ત્રણ મીટરમાંથી સાત મીટર પહોળો કરાશે અને ટ્રાફિકનું ભારણ ઘટતા આ ઐતિહાસિક માર્ગ પર જવુ વધુ સુગમ બનશે.



### કોસ્ટલ હાઈ-વે દ્વારા સંજાણ અને દમણ સુંધી પહોંચું બનશે આસાન

વલસાડ જિલ્લામાં ઉમરસાડીથી કોલક નદી કોસ્ટલ હાઈ-વે પર કોઝ-વે બનશે. આ કોસ્ટલ હાઈ-વે વલસાડ અને દમણને જોડતો અગત્યનો રસ્તો છે. આ નયનરમ્ય રસ્તો દમણ, ઉદવાડા અગિયારી, ઉમરસાડી વોક-વે બ્રિજ વગેરે પ્રવાસન સ્થળોને જોડતો રસ્તો છે. હયાત ૧૦ મીટર રસ્તાને હવે પહોળો કરીને ફોન-લેન કરવામાં આવશે.

### ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય હવે શહેરોથી દૂર નથી

ગુજરાતનો અતંરિયાળ ગણાતો આદિવાસી વસ્તી ધરાવતો ડાંગ જિલ્લો હવે દૂર નહી લાગે. તેની પ્રાકૃતિક સુંદરતા જોવા માટે થોડી જ વારમાં પહોંચી શકાશે. ડાંગમાં વઘઈથી આહવા જવાનો રાજ્ય ધોરીમાર્ગ ડાંગ જિલ્લાનાં અન્ય ગામોને જિલ્લા મથક સાથે જોડે છે અને પ્રવાસન તથા યાત્રાધામની દ્રષ્ટએ ઘણી અગત્યતા ધરાવે છે. આ રસ્તો શબરીધામ, પંપા સરોવર, અગ્નિનકુંડ, પાંડવ ગુફા, વગેરે જેવા પવિત્ર યાત્રાધામાં તથા ડોન હિલ સ્ટેશન, મહાલ કેમ્પ સાઈટ, દેવનીમાળ કેમ્પ સાઈટટ, સાપુતારા હીલ સ્ટેશન તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટિ થી સાપુતારા જેવા પ્રવાસન સ્થળો માટે અત્યંત મહત્વનો રસ્તો છે. આ રસ્તો હવે ચાર-માર્ગીય થશે અને લોકો ઝડપથી અતંરિયાળ વિસ્તારમાં આવેલા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકશે.

### રજવાડી નગર ધરમપુર હવે હાથવેંતમાં

આવી જ રીતે, ચીખલીથી ખેરગામ થઈને ધરમપુર જતા રસ્તાને ચાર માર્ગીય કરવામાં આવશે અને ધરમપુર જવુ વધુ સરળ બનશે. આ રસ્તો પહોળો થતા ચોમાસામાં પ્રકૃતિના ખોળે આવેલા ધરમપુર અને વિલ્સન હીલ જેવા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકાશે. દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા પ્રવાસન અને યાત્રાધામો જેવા કે, કેવડી ઈકો-ટુરીઝમ સાઈટ (માંડવી), પદમડુંગરી ઈકો-ટુરિઝમ સાઈટ (ડોલવણ), ઉનાઈ મંદિર (વાસંદા), વઘઈ બોટનિકલ ગાર્ડન, વાસંદા નેશનલ પાર્ક (વાંસદા), પુર્ણા વન્યજીવ અભ્યારણ્ય, અને ગીરા ધોધ જેવા અનેક સ્થળોએ માનવ મહેરામણ ઉમટી પડે છે.

પ્રવાસન સ્થળોનાં વિકાસની સાથે સાથે સ્થાનિક લોકોને રોજગારી મળશે અને સરકારનાં સૌના સાથ અને સૌના વિકાસનાં મંત્રને નવી ઉર્જા મળશે.

# વાંસદાની કોલેજના વિદ્યાર્થીઓનો ઈનોવેશન ક્લબ અંતર્ગત પ્રવાસ યોજાયો




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી તથા KCG ના માર્ગદર્શન હેઠળ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા ખાતે કાર્યરત ઈનોવેશન ક્લબ એક મહત્વાકાંક્ષી યોજના તરીકે વિદ્યાર્થીઓમાં ઈનોવેશન (નવીનતા) પ્રત્યે જાગૃતિ લાવવાનું કાર્ય કરી રહી છે. આ ક્લબ દ્વારા વિદ્યાર્થીઓમાં ઈનોવેશન પ્રત્યે રસ, સમજ અને જ્ઞાન વિકસે તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

ઈનોવેશન ક્લબ દ્વારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ (Field Visit)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ લાછકડી ગામ ખાતે કાર્યરત BAIF સંસ્થાની મુલાકાત લીધી. અહીં વિદ્યાર્થીઓએ ગ્રામ વિકાસના વિવિધ મોડલ, ખેડૂતોને આત્મનિર્ભર બનાવતી યોજનાઓ, તેમજ ફૂડ પ્રોસેસિંગ યુનિટ અને અન્ય નવીન પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ધરમપુર ખાતે આવેલ જિલ્લા વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી, જ્યાં વિજ્ઞાનના વિવિધ પ્રયોગો તથા તેમની અસર અંગે અભ્યાસ કર્યો. સાથે સાથે, આ પ્રયોગોને ઈનોવેશનમાં કેવી રીતે ઉપયોગી બનાવી શકાય તે અંગે પણ સમજ મેળવી. ઉપરાંત, ત્યાં જ કાર્યરત ઈનોવેશન હબની મુલાકાત લઈને વિદ્યાર્થીઓએ વિવિધ નવીન ઈનોવેટીવ પ્રોજેક્ટ્સ વિશે જાણકારી પ્રાપ્ત કરી. આ ઉપરાંત ધરમપુર સ્થિત લેડી વિલસન મ્યુઝિયમની મુલાકાત પણ લેવામાં આવી. આ શૈક્ષણિક પ્રવાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સાયન્સ અને ટેકનોલોજી પ્રત્યે જાગૃત બનાવવાનો, નવા ઉદ્યોગો તથા નવીન વિચારોથી પરિચિત કરવાનો અને પોતાના વિચારોને કેવી રીતે વિકસાવી શકાય તેની દિશામાં પ્રેરિત કરવાનો હતો. આ પ્રવાસમાં કુલ ૩૪ વિદ્યાર્થીઓ અને ૪ અધ્યાપકો સહિત કુલ ૩૮ સભ્યો જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈનોવેશન ક્લબના કોઓર્ડીનેટર ડૉ.ગૌતમ ગાયકવાડ અને કો-કોઓર્ડીનેટર પ્રો.દીપેશ કામડી દ્વારા કરવામાં આવ્યું તેમજ સમગ્ર પ્રવાસ સંચાલનમાં ડો.સ્નેહલબેન ગાંવિત અને ડૉ.નીમુબેન ચૌધરી પણ જોડાયા. અંતતઃ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહ અને રસપૂર્વક સમગ્ર પ્રવાસમાં ભાગ લીધો તથા વિવિધ પ્રવૃત્તિઓમાંથી ઉપયોગી જ્ઞાન અને પ્રેરણા મેળવી હતી.

# અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા શાકભાજી (પ્લગટ્રે નર્સરી) ની તાલીમ યોજાઇ



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ નવી દિલ્હી પુરસ્કૃત ગૂજરાત વિદ્યાપીઠ, સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને શાકભાજી ઉત્પાદન વધારવા માટેબે દિવસીય શાકભાજી રોપા નર્સરી વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો. વલસાડ જિલ્લામાં શાકભાજી પાકોનું વાવેતર વધારે કરવામાં આવે છે. શાકભાજી પાકોના વાવેતર માટે તંદુરસ્ત ધરૂની જરૂરીયાત વધારે રહે છે. ખાસ કરીને મોટા ભાગના ખેડુતો શાકભાજીનું ધરૂ પોતાના ખેતરમાં, ખુલ્લામાં કે ગાદી કયારા બનાવી ચોમાસા કે મોડા ચોમાસા દરમ્યાન ઉછેર કરે છે જેનાથી ધરૂની ગુણવત્તા હલકી કક્ષાની અને રોગિષ્ઠ બને છે. કાર્યક્રમમાં ચીવલ, ડુમલાવ, પાટી, ધોધડકુવા, ખેરલાવ, અંબાચ, અને વારોલી ગામોની ૩૫ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમના પ્રારંભે કેન્દ્રના ગૃહવિજ્ઞાન નિષ્ણાંત પ્રેમિલાબેન આહિરે મહિલાઓને ઉત્તમ ગુણવત્તાવાળા શાકભાજી રોપા તૈયાર કરવાની પદ્ધતિ, યોગ્ય બીજની પસંદગી અને બીજ ઉપચાર અંગે વિસ્તૃત માહિતી આપી. કેન્દ્રના ફાર્મ મેનેર પરેશ પટેલે તાલીમાર્થીઓને નર્સરી બેડ તૈયાર કરવાની રીત, માટી મિશ્રણ, સજીવ ખાતરનો ઉપયોગ અને રોગ-કીટ નિયંત્રણ અંગે વિગતવાર માર્ગદર્શનઆપ્યું. કાર્યક્રમના અંતે મહિલાઓએ તાલીમને ખૂબ ઉપયોગી ગણાવી અને ભવિષ્યમાં આ તકનીકોને પોતાના ખેતર અને ઘરઆંગણે અપનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમણે જણાવ્યુ કે યોગ્ય રીતે તૈયાર કરેલા રોપા સારા ઉત્પાદન, ઓછા ખર્ચ અને વધુ આવકમેળવવામાં મદદરૂપ બનશે.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટીના વૈજ્ઞાનિકો અને સ્ટાફ દ્વારા મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો.



**વિશ્વ ચકલી દિવસ**
**૨૦ માર્ચ, ૨૦૨૬**

## ચકલીઓને બચાવવા માટેના પક્ષી પ્રેમીઓના અવનવા પ્રયત્નો..

# ભારતમાં ૬૨ પ્રકારની ચકલીઓ વસે છે

## વિશ્વમાં કુલ ૧૬૯ પ્રકારની ચકલીઓ જોવા મળે છે







વિશ્વમા એવી ઘણી વસ્તુઓ છે જે બદલાતા સમયમા દુર્લભ બનતી જાય છે. જેમા નાનકડા પક્ષી ચકલીનો પણ સમાવેશ થાય છે.આજે ચકલી લુપ્ત થવાને આરે આવીને ઉભી છે. ત્યારે એને બચાવવાના પક્ષીઓ પ્રેમીઓ કરી રહ્યા છે.

આ ચકલી એટલે ચી.. ચી.. ના અવાજ સાથે સમગ્ર વાતાવરણ ને ગુંજતું કરનાર મનગમતું પક્ષી. આજકાલ ચકલી વિલુપ્ત થતું પક્ષી બન્યું છે. ત્યારે ફરીથી ગોરૈયાને આંગણે આવતી કરવા ચકલી બચાવવા ઝુંબેશ થરુ થઈ છે.

ચકલી એટલે નાના બાળકોનું મન ગમતું પક્ષી. ચકલી એટલે બાળપણની યાદો તાજી કરતું પક્ષી. ભારત દેશને પણ સોને કી ચીડિયા ની ઉપમા આપવામાં આવે છે. એજ ચકલી હવે કોન્ક્રીટના જંગલમાં ખોવાઈ ગઇ છે. જંગલ કપાતા ગયા અને આંગણાનું આ પક્ષી પણ ખોવાતું ગયું છે

એ સમય બહુ દૂર નથી જ્યારે આવનાર પેઢીને ચકલી અંગે માહિતી આપવી હશે તો પ્રાણી સંગ્રહાલય કે પક્ષીની તસ્વીરનો સહારો લેવો પડશે.આ પક્ષીના લુપ્ત થવા માટે બીજુ કોઇ નહી પણ આપણે પોતે જવાબદાર છીએ. જો હજી પણ જાગૃત નહી થઇએ તો બીજા પક્ષીઓની પણ આવીજ સ્થિતિ સર્જાય તો નવાઇ નહી.

ચકલીની કેટલીક બાબતો પર નજર કરીએ તો વિશ્વમાં કુલ ૧૬૯ પ્રકારની ચકલીઓ છે જેમા ભારતમા ૬૨ પ્રકારની ચકલીઓ જોવા મળે છે. એક ચકલી રોજ ચારથી પાંચ ગ્રામ દાણા ખાય છે અને ચાર ચમચી પાણી પીવે છે. તેનુ વજન ૨૫થી ૩૦ ગ્રામ હોય છે. તેની લંબાઈ ૨૨ સેમી છે. ચકલી ૧૫ દિવસમાં ઉડતા શીખી જાય છે

ફેબ્રુઆરીથી જુનની વચ્ચે તે પ્રજનન કરે છે. ચકો મેટીંગ માટે ચકીને અવાજ કરીને બોલાવે છે પણ અવાજ પ્રદુષણને કારણે ચકી તે અવાજને સાંભળી શકતી નથી.

ચકલીનો સ્વભાવ અને ખાસિયતો -

ચકલીના સ્વભાવની કેટલીક ખાસિયતો પણ જાણવાની મજા પડશે.

સાંજના સમયે રાતવાસો કરતા પહેલાં દુરથી સાંભળી શકાતી ખાસ પ્રકારની ચિચિયારી કરી વાતાવરણ ગજવી મુકતી ચકલીમાં નર અને માદા દેખાવમાં અલગ પડે છે.

નરમાં પીઠના ઉપરના ભાગે વધારે બ્રાઉન રંગ હોય છે. દાઢી અને છાતી પર કાળું ધાબુ તેમજ કાળી પહોળી ચટ્ટી ચાંચથી ઓડ સુધી લંબાયેલ છે.

નર ખૂબ જ કજીયાખોર અને ઝગડું હોય છે. નર અરીસામાં પોતાની પ્રતિબીંબને હરીફ નર સમજીને ચાચ મારતો જોવા મળે છે.

ચકલા જગડવામાં મશગુલ હોય ત્યારે સહેલાઈથી હાથથી પકડી શકાય છે. અનેક ચકલી બિલાડી અને શિકારી પક્ષીનો ભોગ બનતી હોય છે. તે વારંવાર સંવનન કરતા જોવા મળે છે.

માદા નરને માટે ભાગે સંવનન કરવા આકર્ષિત કરતી હોય છે. ખુબ જ પ્રજોત્પનતી કરતું પક્ષી છે.

સમગ્ર વર્ષ દરમિયાન માળો સામાન્યર રીતે દિવાલ કે ઝાડના કાણામાં બનાવે છે. જ્યારે કોઇ ઘર કે રહેઠાણ ઉપલબ્ધ થાય ત્યારે કોઇપણ જગ્યા પર માળો બનાવવા માટે ઘાસના તાંતણા અને મુલાયમ પીછા ભેગા કરે છે. માળામાં ઘાસ લટકતું જોવા મળે છે. માળામાં ઘાસનો ઢગલો કરી વચ્ચે મુલાયમ પીંછા પાથરે છે. જેમાં ૪ કે ૬ ઇંડા મુકે છે. જે મોટાભાગે સફેદ અને લંબગોળ હોય છે. લગભગ ૧૮ દિવસ પછી બચ્ચો ઇંડામાંથી બહાર નીકળે છે. માળો દુર કરવામાં આવે તો ફરી વધારે જોશથી બનાવે છે. અને બનાવવા માટે દ્રઢ નિશ્ચયી હોય છે.

ચકલીને માત્ર વિશ્વ ચકલી દિવસે યાદ કરાય છે.પરંતુ કેટલાક પક્ષી પ્રેમીઓ ચકલીને બચાવવા માટે અવનવા પ્રયત્નો કરે છે. આ પક્ષી પ્રેમી ચકલી સંવન્નમાં માટે અનોખી પહેલ કરીને ચકલીનાં બચાવાનો સંદેશો આપી રહ્યા છે.


અમદાવાદમાં વસતાં પક્ષી પ્રેમીઓએ તેનાં ઘરે પાણીની ખોરાક અને માળાની સુવિધા ઉભી કરી છે જેથી આસપાસનાં વિસ્તારનાં પક્ષીઓ આવવા લાગ્યા. આજે આ પરિવાર ચકલી બચાવા માટે શરૂ કરેલી કવાયતમાં ચકલીની સાથે ઘાસીયા મેદાનનાં પક્ષી શહેરમાં જોવા મળી રહ્યા છે.

ચકલી પ્રેમી અને પક્ષીવિદોની જહેમતથી લોકોમાં જાગૃતિ આવી છે. પોતાનાં ઘર અને મંદિરમાં ચકલીના માળા લગાવી ચકલીઓની રખેવાળી શરુ કરાઇ છે. જેના કારણે આજે શહેરના મોટાભાગના વિસ્તારમાં ચકલીઓ આવતી થઇ છે.

પોરબંદર પક્ષીનગર તરીકે ખ્યાતી પામ્યું છે. વર્ષ દરમિયાન વિદેશી પક્ષીઓ પણ વિચરવા આવે છે.તેની સામે આપણી ભારતીય ચકલી ઓ ની સંખ્યામા ઘટાડો ચિંતા જનક છે.

ચકલીઓ ભલે વિસરાઇ રહી હોય.પરંતુ ચકલીને બચાવવા માટે થઇ રહેલા આ પ્રયાસ સરાહનીય છે.જો આ પ્રયાસમાં સૌ કોઇ જોડાઇ તો ચકલીની ચીચી ફરી એકવખત એવી જ સાંભળવા મળશે.જે પહેલાના સમયમાં સાંભળવા મળતી હતી.

આધુનિકરણ અને શહેરીકરણને કારણે ચકલીઓ લુપ્ત થતી જાય છે ત્યારે અમદાવાદમાં એક એવી વ્યક્તિ છે જે લુપ્ત થતી ચકલીની સંખ્યામાં વધારો થાય તેવી પ્રવૃત્તિ કરે છે. અમદાવાદમાં શ્યામલ વિસ્તારમાં રહેતા જગતભાઇ કીનખાબવાળા ૨૦૦૮થી ચકલી બચાવો અભિયાન ચલાવી રહ્યા છે અને તેઓને આ પ્રયાસોમાં સફળતા પણ મળી છે.



**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**

જગતભાઇ માળા વિતરણ કરે છે અને માળા બનાવાના વર્કશોપ પણ કરે છે. ૨૦૧૧થી અત્યાર સુધીમાં તેઓએ ૫૭ હજાર કરતા વધુ માળાનું વિતરણ કર્યુ છે. તેમના આ ઉમદા કાર્યની નોંધ લઇને તેનો ઉલ્લેખ વડાપ્રધાને મન કી બાત કાર્યક્મમાં પણ કર્યો હતો.

મેનેજમેન્ટ કનસ્લટીંગનું કાર્ય કરતા કિનખાબવાળાને જોઈ પ્રશ્ન થાય કે આ પ્રવૃત્તિ કરવાની પ્રેરણા તેમને કઇ રીતે મળી. તો વર્ષ ૨૦૦૮માં લંડન દ્વારા ચકલીઓ ઘટી રહી હોવા અંગેનો અહેવાલ પ્રગટ કરાયો. ત્યારથી તેઓએ ચકલીઓને બચાવવાની કામગીરી શરૂ કરી.

જગતભાઇના જણાવ્યા અનુસાર અમદાવાદમાં ચંડોળા, આસ્ટોડિયા, બોપલ, પ્રહલાદનગર, સેટેલાઇટ જેવા વિસ્તારમા ચકલીઓની સંખ્યા વધી છે. આમ તો ચકલી એ માઇગ્રેટરી પક્ષી નથી. પરંતુ એક સર્વે પ્રમાણે રાજસ્થાનના ભરતપુરની ચકલી કઝાકીસ્તાન ગઇ હતી. આ ચકલીને લુપ્ત થતી બચાવવા માટે ચકલીને બચાવવા માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ચકલીઓના માળાનું વિતરણ કર્યું હતું.

થોડા વર્ષો પહેલા જ ઘરમાં ચકલીની ચી..ચી.. સુમધુર સંગીત રેલાવતી હતી. પરંતુ કોન્ક્રીટના જંગલમાં શહેરોની સાથે હવે ગામડા પણ ચકલીઓ ધીરેધીરે ગૂમ થતી જાય છે.

જેથી આવનારી પેઢી માત્ર તસ્વીરમાં જ નહીં ચકલીને જોઇને નહીં.પરંતુ ઘરમાં જ ચકલીની ચીચી સાંભળે તેવા પ્રયાસના ભાગ રૂપે આ માળાનું વિતરણ કરાઇ રહ્યુ છે.

ત્યારે ૨૦ માર્ચે વલ્ડ સ્પેરો ડેની ઉજવણી કરીને એક દિવસ માટે ચકલીની જાળવણી કરવા કરતા જો આખુંયે વર્ષ આ નાના પક્ષીની કાળજી લેવાય તો આ લુપ્ત થતા જીવને બચાવી શકાશે.

આજના આધુનિક યુગમાં ઘર આંગણે ચી..ચી..કરતી ચકલી હાલ તેના અસ્તિત્વ માટે ઝઝુમી રહી છે. ચકલીની પ્રજાતિ સામે ચકલીની સંખ્યામાં દિવસેને દિવસે ઘટાડો થઈ રહ્યો છે. જે ચિંતાનો વિષય બન્યો છે. હવેના સમયમાં જો ચકલીને બચાવવાના પ્રયાસો નહિ કરીએ તો ભાવિ પેઢીને માત્ર ચકલી પાઠયપુસ્તકોમાં જોવા મળે તો નવાઈ નહિ.

પહેલા ઘર નળિયા તથા છાપરા દિવાલ ઘડીયાલ અને ફોટો છબી પાછળ પણ ચકલીઓ માળા બાંધતી હતી. હવે નવા મકાનો છતવાળા થઈ જતા ચકલીઓ માળો બાંધી શકતી નથી. ચકલીઓનો ચીં..ચીં..અવાજ પણ હવે ઓછો સંભળાય છે. ચકલીઓ હવે લુપ્ત થવાની કગાર પર આવી પહોચી છે. ત્યારે હવે ચકલીઓને બચાવવી ખુબ જ જરૂરી છે. માનવી અને ચકલી જયારથી એકબીજાના સંપર્કમાં આવ્યા ત્યારથી લઈને અત્યાર સુધી ચકલી માનવી સાથે રહેવા ટેવાયેલી છે. પરંતુ ચકલીના સ્વભાવ સામે મનુષ્યનો સ્વભાવ આજે બદલાઈ ગયો છે. અને એટલા જ માટે લુપ્ત થતી ચકલીઓને બચાવવી હવે જરૂરી છે.આજના સમયમાં આ કોંક્રિટના જંગલો વચ્ચે અબોલ જીવો માટે જીવવું કપરુ બનીને રહી ગયું છે. પ્રદૂષણ, ઘોંઘાટ, ખેતરોમાં થતો કેમિકલયુક્ત દવાનો છંટકાવ, મોબાઈલ ટાવરના રેડિયેશનના કારણે ચકલી(Sparrow)ઓ શહેરમાંથી લુપ્ત થઈ રહી છે. શહેરમાં ફક્ત ઘરચકલીઓ જ નહીં પરંતુ કોયલનો મધુર અવાજ, કાગડા, પોપટ જેવા પક્ષીઓની પણ સંખ્યા ઘટી રહી છે. ચકલીઓનું અસ્તિત્વ જોખમાતુ જાય છે.

ચકલીઓની સંખ્યા દિવસે ને દિવસ ઘટતી જાય છે. પહેલા ગામડાઓ અને શહેરોમાં મોટા પ્રમાણમાં દેખાતી ચકલીઓ હવે અદ્રશ્ય થવા લાગી છે. માનવીની બદલાતી જતી જીવનશૈલી, શહેરીકરણ, દેશી નળિયાના બદલે છત, પ્રદુષણ,નવી રહેણીકરણી, ઉંચા મોબાઈલ ટાવરો, વિગેરે કારણોથી મોટા પ્રમાણમાં દેખાતી ચકલીઓ હવે ઓછી દેખાય છે. પહેલાના જમાનામાં માનવી અને ચકલી એક જ ઘરમાં સાથે રહેતા હતા.


હાલની શહેરીકરણની પરિસ્થિતી જોતા ચકલીને બચ્ચાના ઉછેરમાં ખુબ જ વિક્ષેપ પડે છે. પાછુ કુદરતે અમને માળો બાંધવાની કુદરતી બક્ષીસથી પણ વંચિત રાખ્યા છે. જેથી, હવે દરેક માનવી પોતાના ઘરે અનુકુળતા પ્રમાણે, ઘરમાં અમારા માટે માળાની વ્યવસ્થા કરે એ લાકડાનું હોય કે પછી માટીનું પણ આ અમારી દુઃખ દર્દ ભરી અપીલ છે. એવું હવે ચકલીઓ આપણને કહી રહી છે. ચકલીઓને સુરક્ષા મળે એ હેતુથી ઘર આંગણે દરેક લોકોએ ચકલી માટે માળા બનાવવા જોઈએ અથવા તો ચકલી માટે રૂપકડા ચકલી ઘરોમાં ચકલીઓ માળો બાંધે છે. ઈંડા મુકે છે અને બચ્ચા ઉછેર કરી શકે છે. વરસાદ તડકા છાંયડામાં આ ચકલીઘરને નુકશાન ન થાય તેમજ બિલાડી કે અન્ય પક્ષીઓ તેમાં ઈંડા-બચ્ચાને નુકશાન ન પહોંચાડી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

આવનારી પેઢીને આપણે વારસામાં આપવું જ હોય તો વન્યજીવન અને પર્યાવરણની શીખ આપવાની જરૂર છે. જો આવું નહિ કરીએ તો આવનારા સમયમાં આ વન્યજીવો માત્ર ફોટા અને પાઠયપુસ્તકોમાં પુરતા જ રહી જશે. તો આવો સાથે મળીને આ વન્યસંપદા અને ચકલી બચાવવાનો એક પ્રયાસ કરીએ.

# પ્રથમ ભારતીય વિંગ કમાન્ડર રાકેશ શર્માને ‘વિક્રમસારાભાઈ વિજ્ઞાન પુરસ્કાર’ એનાયત

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

રાષ્ટ્ર પ્રત્યેના તેમના વ્યાપક યોગદાનને ધ્યાનમાં રાખીને, બાહ્ય અવકાશમાં મુસાફરી કરનાર પ્રથમ ભારતીય વિંગ કમાન્ડર રાકેશ શર્માને વિક્રમ સારાભાઈ વિજ્ઞાન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર દ્વારા ૨૪ માર્ચે પ્રગતિ એકેડેમી, પેરુમ્બાવુર ખાતે યોજાનાર એક સમારોહમાં અર્પણ કરવામાં આવશે.આ પુરસ્કાર કોચીમાં મુખ્ય મથક ધરાવતા વિક્રમ સારાભાઈ સાયન્સ ફાઉન્ડેશન (VSSF) દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો. તેની સાથે ૨ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર, પ્રશસ્તિપત્ર અને તકતી પણ આપવામાં આવી છે. અવકાશયાત્રીની પસંદગી



ISROના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. જી. માધવન નાયર, ભૂતપૂર્વ રાજ્ય મુખ્ય સચિવ VP જોય IAS, અમૃતા હોસ્પિટલ, કોચી ખાતે હેડ એન્ડ નેક સર્જરીના વડા ડૉ. સુબ્રમણ્યમ ઐયર અને VSSF સીઈઓ ઈન્દિરા રાજનની બનેલી સમિતિ દ્વારા કરવામાં આવી હતી. પ્રથમ પુરસ્કાર ISROના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. એસ. સોમનાથને આપવામાં આવ્યો હતો.

વાયુસેનાના અધિકારી રાકેશ શર્માએ ૨ એપ્રિલ, ૧૯૮૪ ના રોજ રશિયન બનાવટના સોયુઝ T-11 વાહનમાં અવકાશમાં પ્રવેશ કર્યો હતો. તેઓ આઠ દિવસ સુધી સલ્યુત ૭ અવકાશ મથકમાં રહ્યા. પંજાબના પટિયાલામાં જન્મેલા, વાયુસેનામાં સ્ક્વોડ્રન લીડર તરીકે સેવા આપતી વખતે તેમને અવકાશ યાત્રા માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે ૧૯૭૧ના બાંગ્લાદેશ યુદ્ધમાં મિગ-૨૧ વિમાન ઉડાવીને ૨૧ લડાઇ મિશન ઉડાવ્યા હતા. દેશે તેમને અશોક ચક્રથી પણ સન્માનિત કર્યા છે. તેઓ ૨૦૦૧માં વિંગ કમાન્ડર તરીકે નિવૃત્ત થયા હતા.

કોચી અને કક્કનાડ સ્થિત વિક્રમ સારાભાઈ સાયન્સ ફાઉન્ડેશનની સ્થાપના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ પી જે અબ્દુલ કલામ દ્વારા ૨૦૧૧માં કરવામાં આવી હતી.

**વિશ્વ ચકલી દિવસ નિમિત્તે**

# ધ્રોલ લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચકલીના માળાનું વિતરણ કરાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

લોક વિજ્ઞાનકેન્દ્ર ,ધ્રોલ દ્વારા વિશ્વ ચકલી દિવસ અન્વયે ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ એમ ડી મહેતા મહેતા એજ્યુકેશન ધ્રોલ સંચાલિત અને ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત એમ ડી મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર ધ્રોલ દ્વારા તા ૨૦/૩/૨૬ ના ચકલી દિવસ અન્વયે લોકવિજ્ઞાન કેન્દ્ર દરબારગઢ ધ્રોલ સ્થળે સવારે ૧૦ થી બપોરે ૨ સુધી ચકલીબેન માટેના માળાનું નિઃશુલ્ક વિતરણ રાખેલ છે.

તો ધ્રોલની પક્ષી પ્રેમી જનતા ને આ લાભ લેવા કેન્દ્ર ના ડો સંજય પંડ્યા સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા અને સેક્રેટરીશ્રી સુધાબેન ખંઢેરીયા વતી અનુરોધ કરવામાં આવે છે.

# જુનાગઢ લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચકલીના માળાનું વિતરણ કરાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા તારીખ ૨૦-૩-૨૦૨૬ શુક્રવાર ના રોજ વિશ્વ ચકલી દિવસ નિમિતે ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે, જેના થી લોકો મા પક્ષીઓ અને ખાસ કરી ને ચકલી (ગોરયા રાની) જે હાલ લુપ્ત થવાને આરે છે તેના વિશે જાગૃતતા કેળવી શકાય. તેવા હેતુ થી ચકલીના માળાનું વિતરણ વ્યક્તિ દીઠ બે નીચે જણાવેલ એડ્રેસ પર શુક્રવાર સવારે ૧૦:૦૦ વાગ્યા થી ૧૨:૩૦ કલાક સુધી કરવામા આવશે.

શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, વંથલી રોડ, બીલનાથ મંદિર પાસે પ્રેમાનંદ વિધા મંદિર સ્કૂલ, જૂનાગઢ. તેમ લોક વિજ્ઞાન કેન્દ્ર ના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરાની અખબારી યાદીમાં જણાવવામા આવેલ છે.

# ભાવનગરના શ્રી દક્ષિણામૂર્તિમાં ખગોળ માર્ગદર્શન અપાયું

ભારતના એક માત્ર ખાનગી ખગોળ સ્ટુડિયોના સ્થાપક અને ખગોળક્ષેત્રના ઊંડા અભ્યાસુ તન્મયભાઈ વ્યાસના અધ્યક્ષસ્થાને માર્ગદર્શન સેમિનાર અને અન્વેષણમ્ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રોજેકટ સ્પર્ધામાં વિજેતા વિધાર્થીઓને બેગ અને શિલ્ડ આપીને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. તન્મયભાઈ વ્યાસે વિધાર્થીઓ સાથે વિધાર્થી બનીને ખગોળીય ઘટનાઓ, ગ્રહો, ઉપગ્રહો, તારાઓની સંખ્યા,સૂર્ય,ચંદ્ર,તેમનું કદ,



ગ્રહણ, વાતાવરણ, ઉપરાંત ખગોળશાસ્ત્રીઓ, અવકાશયાત્રીઓ વગેરે વિશે ખૂબ ઊંડાણપૂર્વકની વિધાર્થીઓને સમજ આપ્યા બાદ શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદિરની અટલ લેબની મુલાકાત લઈ બાળવૈજ્ઞાનિકોએ બનાવેલ કૃતિઓ જોઈ રાજીપો વ્યક્ત કરી આ કૃતિઓને યોગ્ય પ્લેટફોર્મ ઉપર લઈ જવા સૂચન કર્યા હતાં. આ તકે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રશાંતભાઈ ભટ્ટ,ડૉ. મુનિ, અંજનાબા વાળા, તેજસભાઈ દોશી, વિભાગીય વડાઓ,બહોળી સંખ્યામાં આજુબાજુની જુદી-જુદી શાળાના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમ ડૉ. પંકજભાઈ દેસાઈના અથાગ પ્રયત્નો અને શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદિરના આચાર્ય પીઠાભાઈ કોડિયાતરના માર્ગદર્શનમાં સુપરે સંપ્પન થયો હતો.

# ગ્રહોનો મહા-સંઘર્ષ : ૧૧,૦૦૦ પ્રકાશવર્ષ દૂર બે ગ્રહો એકમેકમાં વિલીન થયા!

**નરેન્દ્ર ગોર (સાગર)**
**સ્ટાર ગેઝિંગ ઈન્ડિયા, ભૂજ**



ખગોળ વિજ્ઞાનમાં એક અત્યંત વિરલ ઘટના પ્રકાશમાં આવી છે. પૃથ્વીથી અંદાજે ૧૧,૦૦૦ પ્રકાશવર્ષ દૂર આવેલા અને દક્ષિણ આકાશના પપિસ (Puppis - નૌકા મંડળ) માં સ્થિત Gaia20ehk નામના તારા પાસે બે વિશાળ ગ્રહો વચ્ચે થયેલી ભીષણ ટક્કરના પુરાવા મળ્યા છે.

આ શોધ કરનાર વોશિંગ્ટન યુનિવર્સિટીના સંશોધક એન્ડી ત્ઝાનિડાકિસે જ્યારે આ તારાનો ડેટા જોયો ત્યારે તેઓ બોલી ઉઠ્યા હતા. "Hello, what's going on here?" તેમણે આ ઘટનાન "Completely Bonkers" (એટલે કે બુદ્ધિ ચકરાવે ચડાવી દે તેવી) ગણાવી છે.

### ડેટા ડિટેક્ટિવની અદભૂત શોધ

આ શોધ કોઈ આકસ્મિક ઘટના નથી, પણ વર્ષો જૂના ડેટાની ઝીણવટભરી તપાસનું પરિણામ છે. એન્ડીએ હજારો તારાઓના ડેટાનો અભ્યાસ કરતા જોયું કે આ તારાની તેજસ્વીતામાં અચાનક ફેરફારો થઈ રહ્યા છે.

આ સાબિત કરે છે કે જો કોઈ વ્યક્તિ જિજ્ઞાસા સાથે આકાશના ડેટા પર નજર રાખે તો તે બ્રહ્માંડના રહસ્યો ખોલવામાં વૈજ્ઞાનિકોનો જમણો હાથ બની શકે છે.

### ટક્કર અને ધૂળનો વિશાળ ગોટો

વૈજ્ઞાનિકોના મતે આ ટક્કર બે ગ્રહો વચ્ચે સીધી (Head-on) થઈ હતી. જ્યારે આ ગ્રહો ટકરાયા. ત્યારે તેઓ માત્ર તૂટ્યા નહીં. પણ ભીષણ ગરમીને કારણે બાષ્પીભવન પામી ગયા. આ ટક્કરથી અવકાશમાં ગરમ વાયુ અને ખડકોનો એક વિશાળ વાદળ તૈયાર થયો છે, જે અત્યારે તારાના પ્રકાશને રોકી રહ્યો છે. આ ધૂળનો જથ્થો તારાથી લગભગ ૧૫ કરોડ કિલોમીટર દૂર ભ્રમણ કરી રહ્યો છે, જે પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતર જેટલું જ છે.

### કચ્છના આકાશમાં આ ઘટના ક્યાં જોશો?

આ ઘટના જ્યાં ઘટી છે તે નૌકા મંડળ (Puppis) અત્યારે કચ્છના દક્ષિણ આકાશમાં વ્યાધ (Sirius) તારાની બરાબર નીચે અને થોડું પૂર્વ દિશામાં જોઈ શકાય છે. માર્ચ મહિનામાં રાત્રે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન આ નક્ષત્ર દક્ષિણ ક્ષિતિજ પર સ્પષ્ટપણે જોવા મળે છે. જોકે આ તારો (Gaia20ehk) નરી આંખે જોઈ શકાતો નથી. પણ તે દિશામાં જોવાથી ગ્રહોના આ મહા-સંઘર્ષની અનુભૂતિ ચોક્કસ કરી શકાય છે.

### બોનસ : પૃથ્વી-ચંદ્રના જન્મની યાદ

આ ઘટના આપણને કરોડો વર્ષો પહેલા પૃથ્વી અને ઁથિયાઁ ગ્રહ વચ્ચે થયેલી ટક્કરની યાદ અપાવે છે. જેનાથી આપણા ચંદ્રનું નિર્માણ થયું હતું. અત્યારે ૧૧,૦૦૦ પ્રકાશવર્ષ દૂર જે ધૂળ અને વાયુનું વાદળ દેખાય છે, તે હજારો વર્ષો પછી ઠંડો પડીને એક નવો. વિશિષ્ટ ગ્રહ અને કદાચ નવા ચંદ્ર બનાવશે

### ક્ષિતિજની પાળે

ખગોળપ્રેમીઓ માત્ર આકાશ જોનારા નથી. પણ તેઓ બ્રહ્માંડની હિલચાલના સાક્ષી છે. આ શોધ આપણને શીખવે છે કે વિનાશ એ જ સર્જનનું પ્રથમ પગલું છે. જ્યારે બે ગ્રહો ટકરાઈને નાશ પામે છે. ત્યારે તે એક નવી દુનિયાના જન્મની શરૂઆત હોય છે. આ બ્રહ્માંડ આપણને સતત યાદ અપાવે છે કે પરિવર્તન જ શાશ્વત છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269

# ઉમરગામ તા. પં.ના હોદ્દેદારોનો કાર્યકાળ પૂર્ણ થતાં સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ લલીતાબેન, કારોબારી અધ્યક્ષ મહેશભાઈ આહીર સહિત તમામ હોદ્દેદારોનો કાર્યકાળ પૂર્ણ થતા મંગળવારે વહીવટી વિભાગ દ્વારા ભાવપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાલ ઓઢણી અર્પણ કરી હોદ્દેદારોને બિરદાવવામાં આવ્યા હતા.

તેમના કાર્યકાળ દરમિયાન તાલુકામાં નોંધપાત્ર વિકાસકાર્યો હાથ ધરાયા હોવાનું ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તાલુકા પંચાયત કચેરીના કર્મચારીઓએ પણ પ્રમુખ સહિત તમામ હોદ્દેદારોની કામગીરીને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી. કારોબારી અધ્યક્ષ મહેશભાઈ આહીરે જણાવ્યું હતું કે, વહીવટી વિભાગના વડા તરીકે ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારીએ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો, જેના બદલ તેઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

# નારગોલના દરિયામાં કમળના ફૂલ આકારના રંગબેરંગી સી એનિમોન જીવ આકર્ષણનું કેન્દ્ર

(ઉદય રાવલ દ્વારા)

**ઉમરગામ, તા.૧૯ :** નારગોલના દરિયાની અંદર એક અદભૂત અને આકર્ષક જીવ જોવા મળ્યો છે, જે કમળ ફૂલના આકાર જેવો રંગબેરંગી સી એનિમોન છે. આ જીવ નારગોલ ગામના માંગેલવાડ અને માલવણ બીચ વિસ્તારના દરિયાની અંદર કૌચિત દેખાય છે અને સ્થાનિક લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે.

સ્થાનિક માછીમાર રાજેન્દ્ર પટેલે આ જીવની તસવીર કેમેરામાં કેદ કરી છે, જેનાથી તેની સુંદરતા અને વિશિષ્ટતા ગ્રામજનો સમક્ષ આવી છે. સી એનિમોનના લાંબા, પારદર્શક ટિન્ટેકલ્સ તેને કમળ ફૂલ જેવો આકાર આપે છે જેથી સ્થાનિક માછીમારો તેને દરિયાનું કમળ ફૂલ તરીકે ઓળખે છે, જે દરિયાના તળિયે એક અદભૂત દ્રશ્ય બનાવે છે.

સ્થાનિક લોકો આ જીવને પ્રસૂતિ સમયે દવા તરીકે પણ ઉપયોગ કરતા હોવાનું જાણવા મળે છે, જોકે તેના વિશે વૈજ્ઞાનિક માહિતી અને સંશોધન જરૂરી છે. સી એનિમોન દરિયાઈ ઈકોસિસ્ટમનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને તેના સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવવી જરૂરી છે. સ્થાનિક માછીમારોના જણાવ્યા મુજબ આ પ્રકારના કમળ ફૂલ નારગોલના દરિયા કિનારાથી ૫૦૦ મીટર અંતરે ખડક અને રેતાળ વિસ્તારમાં કૌચિત જોવા મળતા હોઈ છે.

સી એનિમોન (Sea Anemone) એ સમુદ્રમાં જોવા મળતા રંગબેરંગી, માંસાહારી અને સ્થિર (એક જગ્યાએ ચોંટેલા) અપૃષ્ઠવંશી પ્રાણીઓ છે, જ કમળ ફૂલ જેવો દેખાવ ધરાવે છે. તે જેલીફિશ અને કોરલ (પરવાળા) સાથે સંબંધિત છે અને તેમના ટેન્ટેકલ્સ (સ્પર્શકો) દ્વારા નાના માછલીઓનો શિકાર કરે છે.



# ઉમરગામમાં શ્રી ગંગાદેવી માતાજીનો મેળો ૨ એપ્રિલથી શરૂ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામે દર વર્ષે યોજાતો પ્રખ્યાત શ્રી ગંગાદેવી માતાજીનો મેળો આ વર્ષે ચૈત્ર સુદ પૂનમ, ગુરૂવાર તા. ૦૨ એન્લિ ૨૦૨૬થી ભવ્ય રીતે શરૂ થઈ ચૈત્ર વદ આઠમ, શુક્રવાર તા. ૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ પૂર્ણ થશે. મેળાના પ્રથમ દિવસે હનુમાન જયંતિ નિમિત્તે સવારે ૦૭:૦૦ કલાકે હવન યોજાશે. ત્યારબાદ સવારે ૦૮:૩૦ કલાકે શ્રી ગંગાદેવી માતાજીનો હવન યોજાશે. મેળાના અંતિમ દિવસે એટલે કે તા. ૧૦ એપ્રિલે સવારે ૦૮:૩૦ કલાકે ચૈત્ર વદ આઠમનો હવન યોજાશે. મેળાના પ્રથમ દિવસે એટલે કે તા. ૦૨ એપ્રિલે સવારે ૧૧:૩૦થી બપોરે ૦૩:૩૦ સુધી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું આયોજન માનવ કલ્યાણ સેવા સંઘ દ્વારા કરવામાં આવ્યું છે. શ્રી ગંગાદેવી સંસ્થાન કમિટીએ આપેલ માહિતી મુજબ, મેળામાં દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે આવે છે અને પોતાની માનતાઓ પૂર્ણ થવાની શ્રદ્ધા સાથે ભાગ લે છે. મેળામાં વિવિધ પ્રકારના સ્ટોલ અને દુકાનો દ્વારા અનેક લોકોને રોજગાર પણ મળે છે. વેપારીઓ માટે સ્ટોલ ફોર્મનું વિતરણ તા. ૨૬ માર્ચ ૨૦૨૬થી શરૂ કરવામાં આવશે તેવી જાણકારી આપવામાં આવી છે. મેળાને સફળ અને શાંતિપૂર્ણ બનાવવા માટે વિવિધ સરકારી વિભાગો તથા પોલીસ તંત્ર દ્વારા પણ સહયોગ આપવામાં આવે છે. સંસ્થાન કમિટીએ તમામ ભક્તોને વધુમાં વધુ સંખ્યામાં હાજરી આપી મેળાને સફળ બનાવવાની અપીલ કરી છે.

# ઉમરગામમાં જન્મ-મરણના દાખલા માટે લોકોને ભારે મુશ્કેલી

## સરકારી પોર્ટલમાં દર મહિને માત્ર ૧૦૦ દાખલાની મર્યાદા હોવાથી કામકાજ અટકી જાય છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** ઉમરગામ તાલુકામાં જન્મ-મરણના દાખલા મેળવવામાં સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારી પોર્ટલમાં દર મહિને માત્ર ૧૦૦ દાખલાની મર્યાદા હોવાથી કામકાજ અટકી જાય છે, જેના કારણે સામાન્ય નાગરિકોને વારંવાર ધક્કા ખાવા પડે છે.મહિનામાં ૧૦૦ દાખલા પૂર્ણ થતાં જ પોર્ટલ ઓવર લિમિટ બતાવીને બંધ થઈ જાય છે.આના પરિણામે બાકીની અરજીઓ પેન્ડિંગ રહી જાય છે. ખાસ કરીને, બે મહિના પહેલા પોર્ટલ બંધ રહેવાને કારણે અનેક જૂની અરજીઓ હજુ પણ બાકી છે.એક તરફ કાળઝાળ ગરમીમાં લોકોને લાંબા સમય સુધી લાઇનમાં ઊભા રહેવું પડે છે, તો બીજી તરફ મોંઘા રિક્ષા ભાડાના કારણે આર્થિક ભાર પણ સહન કરવો પડે છે. મહિલાઓ નાના બાળકો સાથે ગ્રામ પંચાયત ખાતે પહોંચે છે, પરંતુ દાખલા મળતા નથી. ઓપરેટરો પણ સિસ્ટમની મર્યાદાને કારણે લાચાર બની ગયા છે.આ મુદ્દે ડેહલી ગ્રામ પંચાયતના સરપંચ પ્રભુ પાટકરે જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિમાં સરકાર દ્વારા મહિનાની મર્યાદા વધારવી અત્યંત જરૂરી છે. જો મર્યાદામાં વધારો કરવામાં આવે, તો ગ્રામ પંચાયતોમાં થતી ભીડ અને પ્રજાને થતી દોડધામમાં નોંધપાત્ર રાહત મળી શકે છે. સ્થાનિક લોકોની માંગ છે કે કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને સરકાર તાત્કાલિક પગલાં ભરે અને જન્મ-મરણના દાખલાઓ માટે પોર્ટલની મર્યાદા વધારીને સામાન્ય નાગરિકોને રાહત આપે.

# સોળસુંબામાં જર્જરિત કસ્તુર પ્લાઝા એપાર્ટમેન્ટને ૭ દિવસમાં તોડી પાડવાની સૂચના

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** સોળસુંબા ગામે આવેલ કસ્તુર પ્લાઝા એપાર્ટમેન્ટ બિલ્ડીંગ આશરે ૩૫ વર્ષથી વધુ જૂની હોવા સાથે હાલમાં અત્યંત જર્જરિત સ્થિતિમાં પહોંચી ગઈ છે. બિલ્ડીંગની હાલતને ધ્યાનમાં લેતા કોઈપણ સમયે દુર્ઘટના સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ગ્રામ પંચાયત દ્વારા નિયમોનુસાર બિલ્ડીંગ ખાલી કરાવી તોડી પાડવા માટે નોટિસ આપવામાં આવી છે. નોટિસ મુજબ બિલ્ડીંગમાં રહેલા તમામ ફલેટધારકો તથા ભોંયતળિયે આવેલી દુકાનો તાત્કાલિક ખાલી કરવાની રહેશે.

ગ્રામ પંચાયત દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે નોટિસ મળ્યાથી ૭ દિવસની અંદર બિલ્ડીંગ ખાલી કરી તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવી ફરજિયાત રહેશે. જો આ સૂચનાનો પાલન નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં સર્જાનાર કોઈપણ દુર્ઘટના માટે સંબંધિત લોકો જાતે જવાબદાર રહેશે.

ઉલ્લેખનીય છે કે સદરહુ બિલ્ડીંગ મુખ્ય માર્ગ પર આવેલ હોવાથી જાહેર સુરક્ષાને પણ ગંભીર જોખમ ઉભું થઈ શકે છે. તેથી તમામ રહેવાસીઓ અને દુકાનદારોને તાત્કાલિક સૂચના પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઉમરગામમાં એટીએમની કેબિનમાં આગ

## સ્થાનિકોની સમયસૂચકતાથી મોટી હોનારત ટળી, મશીન ખાખ પણ લાખોની રોકડ સુરક્ષિત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** ઉમરગામ તાલુકાના ખતલવાડ ગામે આજે વહેલી સવારે HDFC બેંકના ATM કેબિનમાં આગ લાગી હતી. સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસર કાર્યવાહીને કારણે મોટો અનર્થ ટળ્યો હતો અને ATMમાં રહેલી રોકડ સુરક્ષિત રહી હતી. પ્રાપ્ત મુજબ, વહેલી સવારે ATMમાંથી ધુમાડો નીકળતો જોવા મળતા સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળે દોડી આવ્યા હતા. થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને આખું ATM કેબિન તેની ઝપેટમાં આવી ગયું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોએ વીજ કંપની અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી.વીજ કંપનીની ટીમે તરત જ વીજ પુરવઠો બંધ કર્યો હતો. તંત્ર પહોંચે તે પહેલાં જ સ્થાનિક લોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો સફળ પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમે પણ સ્થળ પર પહોંચી આગ સંપૂર્ણપણે બુઝાવી હતી. આ ઘટનામાં ATM મશીન સંપૂર્ણપણે બળી ગયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, બેંકના કર્મચારીએ જણાવ્યું હતું કે મશીનમાં રહેલી રોકડ રકમ સુરક્ષિત છે. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ સત્તાવાર કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.ઘટનાની જાણ થતા બેંકના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. પોલીસે પણ મામલો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સરીગામની લક્ષ્મી ઈન્ટરનેશનલ પ્રિ-પ્રાઈમરીમાં ગ્રેજ્યુએશન ડેની ઉજવણી કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** સરીગામ ખાતે આવેલ શ્રીમતી. શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ પ્રિ-પ્રાઈમરી શાળામાં તારીખ ૧૪/૦૩/૨૬ ના દિને ધ્વનિ ઓડિટોરિયમ ખાતે ૧૧મો ગ્રેજ્યુએશન ડે ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.આ ગ્રેજ્યુએશન ડે માં રેટ્રો ટુ મેટ્રો - બોલીવુડ દ્વારા એક યાત્રા થીમની આસપાસ ફરતો હતો, જેમાં સુવર્ણ રેટ્રો યુગથી ગતિશીલ આધુનિક સમય સુધી બોલિવૂડના ઉત્ક્રાંતિને દર્શાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ડૉ. ભારતી બેન બોરાડ અને મહેમાન અવની કાટક્કર ઉપસ્થિત રહ્યા હતા, જેમની હાજરીએ યુવાન સ્નાતકોમાં ગૌરવ અને પ્રોત્સાહન ઉમેર્યું હતું. ઉજવણી પરંપરાગત સ્વાગત સાથે શરૂ થઈ, ત્યારબાદ નાના બાળકો દ્વારા આનંદદાયક પ્રદર્શન કરવામાં આવ્યું. રંગબેરંગી પોશાક પહેરીને, બાળકોએ બોલિવૂડના વિવિધ યુગનું ચિત્રણ કરતી ઉર્જાવાન નૃત્ય રજૂઆતો રજૂ કરી, જે પ્રેક્ષકોને ક્લાસિક ધૂનોથી સમકાલીન હિટ ફિલ્મો સુધીની જીવંત સફર પર લઈ ગયા.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પદવીદાન સમારોહ હતું,જ્યાં સિનિયર કે.જી.ના વિદ્યાર્થીઓએ ગર્વથી તેમના ગ્રેજ્યુએશન કેપ્સ અને પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા, જે તેમની શરૂઆતની શૈક્ષણિક યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતું. યુવાન સ્નાતકો તેમના સન્માન પ્રાપ્ત કરવા માટે આગળ વધતા આત્મવિશ્વાસ અને આનંદિત દેખાતા હતા. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા અને બાળકોના ઉછેરમાં માતા-પિતાના સતત સમર્થન અને શિક્ષકોના સમર્પિત પ્રયાસોની પ્રશંસા કરી. આ કાર્યક્રમને આયોજન,યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરુ પાડનાર ગજેરા ટ્રસ્ટના પ્રેસિડેન્ટ વસંતભાઈ ગજેરા તથા પ્રિ-પ્રાઈમરી શાળાના આચાર્યા શ્રીમતી.ઋણા કૌરનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

# ઉમરગામની રાધિકા રેસીડેન્સીમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** રાધિકા રેસીડેન્સી ખાતે અંડરઆર્મ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં નાના થી લઈને મોટા સુધીના રહેવાસીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં કુલ પાંચ ટીમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને તમામ ટીમોએ રમતમાં ઉત્તમ રમતિયાળ ભાવના દર્શાવી હતી.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવાનો મુખ્ય ઉદ્દેશ બાળકોને રમતગમત તરફ પ્રોત્સાહિત કરવાનો હતો. આજના આધુનિક યુગમાં બાળકો શાળા પરથી ઘરે આવ્યા પછી મોટાભાગનો સમય મોબાઈલમાં ગેમ રમવામાં અથવા સોશિયલ મીડિયા પર રીલ્સ જોવામાં પસાર કરતા હોય છે. આવી પરિસ્થિતિમાં બાળકો મેદાનમાં આવીને રમતમાં ભાગ લે અને તેમના શારીરિક તેમજ માનસિક વિકાસ માટે રમતગમત પ્રત્યે રસ વધે તે માટે આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટ દરમિયાન રહેવાસીઓ અને બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમાજના લોકોએ આવા કાર્યક્રમો બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ જરૂરી હોવાનું જણાવ્યું હતું.


‘દમણગંગા ટાઈમ્સ’

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે

વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો.


# ઉમરગામ તાલુકામાં ભાજપાએ હોદ્દેદારો સાથે પરિચય બેઠક યોજી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૯ :** વલસાડ જિલ્લામાં હાલ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત નો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. હાલ વલસાડ જિલ્લા ભાજપ સંગઠન અને પ્રભારીઓ તાલુકા પ્રમાણે ભાજપના હોદ્દેદારો સાથે પરિચય બેઠકો શરૂ કરી છે.

વલસાડ જિલ્લા પંચાયત માટે ઉમરગામ તાલુકાની આઠ બેઠકો અને ઉમરગામ તાલુકા પંચાયત પર ભાજપના ઉમેદવારો જીત્યા હતાં. હવે ફરીથી જિલ્લા પંચાયત બેઠકો અને તાલુકા પંચાયત પર જીત મેળવવા પરિચય બેઠકો યોજાઈ રહી છે. વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા અને નવા નિમાયેલા પ્રભારી વિનય ભાઈ શુક્લા એ પાર્ટીના હોદ્દેદારો સાથે પરિચય દોર શરૂ કર્યો છે. વીઉમરગામ તાલુકા પંચાયત ની સીટો માટે અને જિલ્લા પંચાયતની બેઠકો માટે ઉમેદવારોની લાંબી કતારો હોય આ પરિચય બેઠક મહત્વની માનવામાં આવી રહી છે. ચૂંટણીને લઇ કોંગ્રેસ હજુ સુષુપ્ત અવસ્થામાં જોવા મળી રહી છે જયારે બીજી તરફ સત્તત મીટીંગો અને હોદ્દેદારોને મતદારો સુધી પોહોંચવા સક્રિય રાખતી ભાજપ પાર્ટીની રણનીતિ ચુંટણીમા ફાયદાકારક રહે છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Friday 20, March 2026


## રાજ્યસભા ચૂંટણી પરિણામ : આત્મમંથન કરે વિપક્ષો

સંસદમાં મોદી સરકાર સામે વિરોધનો પ્રસ્તાવ રજૂ કરવામાં વિપક્ષી એકતા બતાવનાર નેતાઓ રાજ્યસભાની ચૂંટણીમાં એકતા સાબિત કરી શક્યા નથી. બિહાર, ઓડિશા અને હરિયાણા મળીને કુલ અગિયાર બેઠકો માટે વિધાનસભ્યોએ વોટ આપવાના હતા તેમાં વિપક્ષી વિધાનસભ્યો વોટ આપવા આવ્યા જ નહીં અને કેટલાક સભ્યોએ આવીને ભાજપના ઉમેદવારોને વોટ આપ્યા. પરિણામે ભાજપને સાત બેઠકો મળી છે. હરિયાણાની બે બેઠકોમાં મતદાન થયા પછી વિવાદ થયો અને મતગણતરી મોડી રાત સુધી મોકૂફ રાખવી પડી. આગામી એપ્રિલ મહિનામાં રાજ્યસભાની કુલ ૩૭ બેઠકો ખાલી પડી રહી છે તેમાંથી ૨૬ બેઠકોના ઉમેદવારો વિનાવિરોધે ચૂંટાઈ ગયા છે. બાકીની અગિયાર બેઠકોની ચૂંટણી થઈ તેમાં વિપક્ષી એકતાનો દાવો પોકળ સાબિત થયો છે! હવે બિહારમાં રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ અને ઓડિશાના પૂર્વ મુખ્યપ્રધાન નવીન પટનાયક ભાજપ સામે ફરિયાદ કરે અને આક્ષેપો કરે છે, પણ પોતાના સભ્યોને તેઓ સાચવી શક્યા નહીં તે હકીકત છે. બિહારમાં તો મહાગઠબંધનના નામે ચૂંટાયેલા સભ્યોમાંથી કોંગ્રેસના ત્રણ સભ્યો મત આપવા આવ્યા જ નહીં. આરજેડીના સભ્ય ફૈઝલ રહેમાન પણ ગેરહાજર રહ્યા. સૌના મોબાઈલ ફોન બંધ - સંપર્ક ક્ષેત્રથી બહાર રહ્યા પરિણામે મહાગઠબંધનની નામોશી થઈ. બિહારની પાંચ બેઠકોમાંથી એક બેઠક જીતવાની આશા મહાગઠબંધનને હતી. કારણ કે, ઓવૈસીના પાંચ અને બહુજન સમાજના એક સભ્યનો વોટ મળવાની ખાતરી હતી, પણ મતદાનમાં કોંગ્રેસના ત્રણ અને આરજેડીના એક સભ્ય ગાયબ હતા! ઓડિશામાં પણ કોંગ્રેસના ત્રણ અને બીજેડી (બીજુ જનતા દળ)ના આઠ સભ્યોએ ભાજપના ઉમેદવારને જીતાડી દીધા. બીજેડીના સસ્પેન્ડ થયેલા બે સભ્યોએ પણ ભાજપના દિલીપ રાયને મત આપ્યા. આમ - બિહારમાં તેજસ્વી લાલુ યાદવ અને ઓડિશામાં નવીન પટનાયકનાં નાક કપાયાં છે! નવીન પટનાયકે તો કોંગ્રેસ સાથે ભાગીદારી કરીને સમર્થન મેળવ્યું હતું! કોંગ્રેસની નેતાગીરીની પ્રતિષ્ઠા અને લોકપ્રિયતાનું ધોવાણ થયું છે. રાજ્યસભા ચૂંટણીએ ફરી એકવાર એ સાબિત કરી આપ્યું છે કે, રાજનીતિ માત્ર આંકડાની રમત નથી, સંગઠન, શિસ્ત અને નેતૃત્વની પણ પરીક્ષા છે. જે કંઇ બન્યું એમાં વિરોધ પક્ષની આંતરિક નબળાઇ પ્રસ્થાપિત થઇ છે. કોંગ્રેસ અને તેના નેતાઓ માટે તો મોટી લપડાક છે. ઈન્દિરા ગાંધી અને પી.વી. નરસિંહરાવના વખતનો યુગ કોંગ્રેસ માટે હવે સપનું જ રહી ગયો છે. પક્ષપ્રમુખ ખડગે અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સંગઠનાત્મક કમજોરી સ્વીકારીને જાગવાની જરૂર છે. એક-દોઢ મહિના દરમ્યાન પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી યોજાશે. એ પહેલાં કોંગ્રેસ અને બીજા વિપક્ષોને રાજ્યસભા ચૂંટણીથી નિરાશા થઈ હશે એ સ્વાભાવિક છે.

## ખાડી દેશોમાં 'એનર્જી વોર'

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૧૯ : અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધમાં ભયંકર તબાહી સર્જાઈ રહી છે. સ્થિતિ એવી છે કે, ઈરાનના પડોશી દેશો પણ યુદ્ધની ઝપેટમાં આવી ગયા છે. ઈઝરાયલે ગઈકાલે ઈરાનના સૌથી મોટા ઓઇલ-ગેસ ઈન્ફ્રાસ્ટ્રકચર હુમલો કર્યો હતો, ત્યારબાદ ઈરાને પણ કતાર અને સંયુક્ત આરબ અમીરાતના ગેસ પ્લાન્ટ પર હુમલો કર્યો છે.

આ તબાહી બાદ ૧૨ અરબ અને ઈસ્લામિક દેશોએ રોષ ઠાલવ્યો છે અને ઈરાનના હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે. આ દેશોએ ઈરાનને હુમલા રોકીને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સન્માન કરવા કહ્યું છે.

સાઉદી અરેબિયાની રાજધાની રિયાદમાં ગુરુવારે યોજાયેલી બેઠક આ ૧૨ દેશોની બેઠક યોજાઈ હતી. ત્યારબાદ અજરબૈજાન, બેહરીન, ઈજિપ્ત, જોર્ડન, કુવૈત, લેબેનોન, પાકિસ્તાન, કતાર, સાઉદી અરેબિયા, સીરિયા, તુર્કેઈ અને સંયુક્ત આરબ અમિરાતના મંત્રીઓએ સંયુક્ત નિવેદન જાહેર કરી ઈરાનને તાત્કાલીક હુમલાઓ રોકવા અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવા કહ્યું છે.

## CBIના સકંજામાં અનિલ અંબાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૯: રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી ગુરુવારે દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) સમક્ષ હાજર થયા હતા. હવે બંધ થઈ ગયેલી કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM) અંગેના કથિત બેંક ફ્રોડ કેસમાં તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ૬૬ વર્ષીય અનિલ અંબાણી ગુરુવારે સવારે CBIના હેડક્વાર્ટરમાં પહોંચ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ, ૧૯ અને ૨૦ માર્ચ એમ સતત બે દિવસ સુધી તેમની પૂછપરછ કરવામાં આવશે. SBI અને અન્ય બેંકોના કન્સોર્ટિયમ દ્વારા રિલાયન્સ કોમ્યુનિકેશન્સને આપવામાં આવેલી લોનના ભંડોળનો કથિત દુરુપયોગ અને ડાયવર્ઝન આ તપાસના કેન્દ્રમાં છે.

## નર્મદા પરિક્રમાનો ભવ્ય પ્રારંભ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નર્મદા, તા.૧૯

પુણ્ય સલિલા મા નર્મદાના પાવન તટ પર ચૈત્ર માસમાં થતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાની આજે(૧૯ માર્ચ, ૨૦૨૬) વિધિવત શરૂઆત કરવામાં આવી છે. આ પ્રસંગે સાધુ-સંતો, ભાવિકો-પરિક્રમાર્થીઓએ પ્રાતઃકાળે મા રેવાના દર્શન અને પુષ્પાર્પણ કરી નર્મદે હરના જય ઘોષ સાથે પરિક્રમાનો પ્રારંભ કર્યો છે. નર્મદામાં ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનું વિશેષ મહત્ત્વ છે, ત્યારે વૃદ્ધો, બાળકો, મહિલાઓ સહિત શ્રદ્ધાળુઓ પદયાત્રા કરીને અલૌકિક આધ્યાત્મિક યાત્રાનો અનુભવ કર્યો છે. ચૈત્ર નવરાત્રિના પ્રથમ દિવસે જ ૧૦ હજાર કરતાં વધુ પરિક્રમાર્થીઓ ઉમટી પડ્યાં છે.

કીડી-મકોડી ઘાટ ખાતે રામપુરા, માંગરોલથી કલવાડા સહિત ઠેર-ઠેર સેવા ભાવિ સંસ્થાઓ દ્વારા ભંડારા ચલાવવામાં આવી રહ્યા છે. આ સાથે પરિક્રમાર્થીઓ માટે ઠંડા પાણી, લીંબુ સરબત, છાસ વિતરણ સહિતની સેવા લોકો કરી રહ્યા છે. પરિક્રમા દરમિયાન શહેરાવ-તિલકવાડા ઘાટ પર કામ ચલાઉ બ્રિજની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે રેંગણથી રામપુરા ઘાટ વચ્ચે બોટ સુવિધા માટે વહીવટીતંત્ર દ્વારા ગોવાથી સ્પેશિયલ ૧૮ બોટ મંગાવવામાં આવી છે. જેમાં બોટ સેવાના સંચાલનને લઈને સ્થાનિક નાવિકો મળીને કુલ

## ઈરાન યુદ્ધની મોટી અસર

# ભારતમાં રોજિંદી દવાઓ મોંઘી થઈ શકે છે

### કાચા માલના ભાવમાં ૨૦% થી ૬૦% નો જંગી ઉછાળો આવતા પેરાસીટામોલ સહિતની દવાઓની અછત સર્જાવાની ભીતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૯ : મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સીધી અસર હવે ભારતના ફાર્માસ્યુટિકલ (દવા) સેક્ટર પર પણ પડવા લાગી છે. કાચા માલની અછતને કારણે બજારમાં પેરાસીટામોલ અને ડાયાબિટીસની સામાન્ય દવાઓ મળવી મુશ્કેલ બની શકે છે અને તેના ભાવ પણ વધી શકે છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા ફેડરેશન ઓફ ફાર્મા એન્ટરપ્રેન્યોર્સે કેન્દ્ર સરકારને એક ઈમરજન્સી પત્ર લખીને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે. જોકે, આ કટોકટી વચ્ચે એક મોટી રાહતના સમાચાર એ પણ છે કે યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સ્ટ્રેટમાંથી બે મોટા ભારતીય જહાજો લાખો સિલિન્ડર જેટલો ગેસ લઈને ગુજરાતના બંદરો પર બિલકુલ સુરક્ષિત રીતે પરત ફર્યા છે. ચાલો આ આખી પરિસ્થિતિને વિગતવાર સમજીએ.

ફેડરેશન ઓફ ફાર્મા એન્ટરપ્રેન્યોર્સે (FOPE) કેન્દ્ર સરકારને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા માટે એક કટોકટીનો રિપોર્ટ મોકલ્યો છે. તેમણે સરકારને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો જલ્દી કોઈ રસ્તો નહીં કાઢવામાં આવે, તો દેશમાં જીવનજરૂરી દવાઓની ભારે અછત ઊભી થઈ જશે.

રિપોર્ટ મુજબ, માત્ર ૮ થી ૯ દિવસની અંદર જ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિએન્ટ્સ (API) એટલે કે દવા બનાવવા માટેના મુખ્ય કાચા માલના ભાવમાં ૨૦% થી લઈને ૬૦% જેટલો જંગી ઉછાળો આવી ગયો છે.

આ યુદ્ધની સૌથી માઠી અસર એવી દવાઓ પર પડી રહી છે જેનો વપરાશ આપણા રોજિંદા જીવનમાં સૌથી વધુ થાય છે. તાવ માટેની પેરાસીટામોલ, ચેપ માટે વપરાતી એમોક્સિસિલિન, ડાયાબિટીસ માટેની મેટફોર્મિન અને એઝિથ્રોમાસીન જેવી સામાન્ય દવાઓનું ઉત્પાદન ખોરવાઈ રહ્યું છે. ફાર્મા એસોસિએશનનું કહેવું છે કે, લાખો દર્દીઓ તાવ, ડાયાબિટીસ અને શ્વાસ સંબંધિત બીમારીઓ માટે દરરોજ આ દવાઓ લેતા હોય છે. આ ઉપરાંત, દવા બનાવવા માટે વપરાતા રસાયણોનો પુરવઠો પણ અનિયમિત થઈ ગયો છે.

મુશ્કેલી માત્ર કાચા માલ પૂરતી જ સીમિત નથી. દવાઓના પેકિંગમાં વપરાતા પીવીસી (PVC) સંયોજનો, પ્લાસ્ટિકની બોટલો, આલુ-આલુ અને એલ્યુમિનિયમ ફોઈલ જેવા પેકેજિંગ મટિરિયલના ભાવમાં પણ અનેકગણો વધારો જોવા મળી રહ્યો છે. FOPE ના જણાવ્યા અનુસાર, આ બમણા ભાવવધારાને કારણે ફાર્મા કંપનીઓ માટે હવે જૂના ભાવે દવાઓનું ઉત્પાદન કરવું નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે.

આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત માટે એક બહુ મોટા અને રાહતના સમાચાર આવ્યા છે. યુદ્ધગ્રસ્ત અને અત્યંત સંવેદનશીલ એવા હોર્મુઝ સ્ટ્રેટમાંથી બે ભારતીય જહાજો સુરક્ષિત રીતે ગુજરાતના કાંઠે પરત ફર્યા છે.

## મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે મોદીની ત્રણ દેશોના વડા સાથે મંત્રણા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૯ : પશ્ચિમ એશિયામાં સતત વધી રહેલા તણાવની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ફોન પર વાતચીત કરી છે. આ વાતચીત અંગે પીએમ મોદીએ સોશિયલ મીડિયા હેન્ડલ પર માહિતી આપી છે. પીએમ મોદીએ આ પહેલા મલેશિયાના વડાપ્રધાન, કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે પણ વાત કરી હતી. આ દરમિયાન પણ તેમણે પશ્ચિમ એશિયાના સંકટ પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ લખ્યું કે, મેં મારા મિત્ર, પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અને તણાવ ઘટાડવાની તાત્કાલિક જરૂરિયાત સાથે સંવાદ અને કૂટનીતિ તરફ પાછા ફરવા અંગે વાત કરી છે. અમે આ ક્ષેત્ર અને તેની બહાર શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે અમારા ગાઢ સંકલનને ચાલુ રાખવા માટે તત્પર છીએ. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે વાત કરી હતી. પીએમ મોદીએ લખ્યું કે, મેં મારા મિત્ર, મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે વાત કરી અને આગામી ઈદ-ઉલ-ફિત્રના અવસર પર તેમને અને મલેશિયાની જનતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. આ અગાઉ વડાપ્રધાને બુધવારે કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન વડાપ્રધાને તેમની સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. પીએમ મોદીએ કુવૈતના ક્રાઉન પ્રિન્સને કહ્યું કે, હોર્મુઝની સામુદ્રધુની માંથી સુરક્ષિત અને અવરોધ રહિત અવરજવર સુનિશ્ચિત કરવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહેશે. અમે એ વાત પર સંમત થયા છીએ કે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે નિરંતર રાજદ્વારી જોડાણ અત્યંત આવશ્યક છે. કુવૈતમાં રહેતા ભારતીય સમુદાયની સુરક્ષા અને સુખાકારી માટે સતત સમર્થન આપવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભારત-પાક. વચ્ચે પરમાણુ યુદ્ધનું જોખમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૯ : વર્ષ ૨૦૨૫માં કાશ્મીરના સ્વર્ગ સમા પહેલગામમાં નિર્દોષ પર્યટકો પર ધર્મ પૂછીને કરાયેલા આતંકી હુમલા બાદ ભારતે પણ જડબાતોડ જવાબ આપતા પાકિસ્તાનમાં ઘૂસીને આતંકીઓનો સફાયો કર્યો હતો. જેને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય સંઘર્ષ ફાટી નીકળ્યો હતો. તે વખતે ભારતે લોન્ચ કરેલા ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનનો ખુડદો બોલી ગયો હતો. પાકિસ્તાને આજીજી કરતા ભારતે સૈન્ય સંઘર્ષ પર પૂર્ણ વિરામ મૂક્યું હતું પરંતુ ભારતે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે આ ઓપરેશન સિંદૂર પૂરું થયું નથી. જ્યારે પણ સરહદ પારથી કોઈ આવી ઘટનાને અંજામ અપાશે તો ભારત ચૂપ બેસશે નહીં અને જડબાતોડ જવાબ આપશે. ભારત હવે આવા હુમલા સાખી લેવાના જરાય મૂડમાં નથી. હવે તો આર યા પારના મૂડમાં છે. આ બધા વચ્ચે અમેરિકી સેનેટમાં બુધવારે રજૂ થયેલા યુએસ ઈન્ટેલિજન્સ કમ્યુનિટીના જોખમની સમીક્ષા પર બનેલા વાર્ષિક રિપોર્ટમાં કહેવાયું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સંઘર્ષનું જોખમ વાસ્તવિક છે અને બંને વચ્ચે તણાવપૂર્ણ સંબંધોના પગલે આવું બન્યું છે. રિપોર્ટ મુજબ ભારત અને પાકિસ્તાન સીધો સંઘર્ષ શરૂ કરવા માંગતા નથી પરંતુ આમ છતાં આતંકી તત્વો માટે સંકટોને વધારનારી પરિસ્થિતિઓ અસ્તિત્વમાં છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે જે તણાવપૂર્ણ સંબંધ છે તેના કારણે પરમાણુ સંઘર્ષનું જોખમ બનેલું છે. કારણ કે ભૂતકાળમાં આ બંને પરમાણુ સંપન્ન દેશો વચ્ચે ઘર્ષણ થયેલું છે જેનાથી તણાવ વધવાનું જોખમ પેદા થયું છે. ગત વર્ષે જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાએ સંઘર્ષને ભડકાવનારા આતંકી હુમલાના જોખમને સ્પષ્ટ કર્યા છે.

## કતારમાં વિશ્વના સૌથી મોટા LNG પ્લાન્ટમાં ઈરાની મિસાઈલથી હુમલો

(જી.એન.એસ) તા. ૧૯
કતાર, ઈરાન દ્વારા ગલ્ફ ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા ચાલુ રાખતા, બેલિસ્ટિક મિસાઈલ હુમલો કતારના મુખ્ય કુદરતી ગેસ હબ પર થયો, જેના કારણે આગ લાગી અને મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને "વ્યાપક" નુકસાન થયું. આ હુમલામાં રાસ લાફાન ઔદ્યોગિક શહેરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જે વિશ્વની સૌથી મોટી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) નિકાસ સુવિધાનું ઘર છે, જેનાથી વૈશ્વિક ઉર્જા પુરવઠા શૃંખલાઓને મોટો ફટકો પડ્યો.

રાજ્ય સંચાલિત ઉર્જા જાયન્ટ કતારએનર્જીએ જણાવ્યું હતું કે સ્થળ પરની અનેક ન્દ્રય સુવિધાઓને અસર થઈ હતી, જેના પરિણામે "મોટી આગ લાગી અને વધુ વ્યાપક નુકસાન થયું." કંપનીએ નોંધ્યું હતું કે અગાઉના હુમલામાં ગેસ-થી-લિક્વિડ સુવિધાને નુકસાન થયું હતું, જેના કારણે તાજેતરના હુમલાઓની અસર વધી ગઈ હતી.

"બુધવાર ૧૮ માર્ચ ૨૦૨૬ ના રોજ રાસ લાફાન ઈન્ડસ્ટ્રિયલ સિટી પર થયેલા અગાઉના હુમલા ઉપરાંત, જેમાં પર્લ GTL (ગેસ-ટુ-લિક્વિડ્સ) સુવિધાને વ્યાપક નુકસાન થયું હતું, કતાર એનર્જી પુષ્ટિ કરે છે કે ગુરુવાર ૧૯ માર્ચ ૨૦૨૬ ના રોજ વહેલી સવારે, તેની ઘણી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સુવિધાઓ મિસાઈલ હુમલાનો ભોગ બની હતી, જેના કારણે મોટી આગ લાગી હતી અને વધુ નુકસાન થયું હતું. કોઈ જાનહાનિ થયાના અહેવાલ વિના પરિણામી નુકસાનને કાબૂમાં લેવા માટે તાત્કાલિક કટોકટી પ્રતિભાવ ટીમો તૈનાત કરવામાં આવી હતી. કતાર એનર્જી નવીનતમ ઉપલબ્ધ માહિતીનો સંપર્ક કરવાનું ચાલુ રાખશે," તેણે જણાવ્યું હતું.

આગને કાબુમાં લેવા માટે કટોકટી ટીમો અને અગ્નિશામકોને તૈનાત કરવામાં આવ્યા છે, અને અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

વૈશ્વિક બજારોમાં કુદરતી ગેસનો મુખ્ય સપ્લાયર કતાર, સંઘર્ષ વચ્ચે પહેલાથી જ ઉત્પાદન બંધ કરી દીધું હતું. જો કે, તાજેતરના નુકસાનથી પુરવઠો ફરી શરૂ કરવામાં વધુ વિલંબ થવાની ધારણા છે, જે દુશ્મનાવટ ઓછી થયા પછી પણ વૈશ્વિક ઊર્જાના ભાવ અને ઉપલબ્ધતાને અસર કરી શકે છે.

## ઈરાન પર યુદ્ધ થોપવામાં આવ્યું છે, મિત્રો માટે હોર્મુઝ ખુલ્લું છે :ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૧૯ : ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર હુમલો કર્યા બાદ મિડલ ઈસ્ટમાં તણાવ વધ્યો છે. ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકાનું યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું. બુધવારે આ યુદ્ધને ૧૯ દિવસ પૂરા થયા છે. ઈરાનમાં જ્યાં ઈઝરાયેલ અને અમેરિકાની મિસાઈલ અને હથિયારો મોત વરસાવી રહ્યા છે. ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈના મોત થવા છતાં ઈરાન ઝૂકવાના મૂડમાં નથી, ભલે તેના અનેક મોટા નેતાઓ યુદ્ધમાં હોમાઈ ગયા હોય.

ઈરાન સતત અમેરિકા અને ઈઝરાયેલના સહયોગીઓ પર મિસાઈલોથી હુમલાઓ કરી રહ્યું છે. આ દરમિયાન ઈરાનના મિશન ટુ ઈન્ડિયાના ડેપ્યુટી ચીફ મોહમ્મદ જાવેદ હુસૈનીએ એક કાર્યક્રમમાં હાજરી આપી. અહીં તેમણે અનેક મહત્વના પ્રશ્નોના જવાબ આપ્યા છે.

હુસૈનીએ કહ્યું કે, અમે હંમેશા ડિપ્લોમેસીમાં વિશ્વાસ રાખીએ છીએ. પરંતુ આ હુમલાઓ બતાવે છે કે તે લોકો ઈરાન સાથે શાંતિ ઈચ્છતા જ નથી. આ યુદ્ધ ઈરાનના લોકો પર થોપવામાં આવ્યું છે. અમે અમારા દેશ અને લોકોની રક્ષા કરીશું. હુસૈનીએ ઈરાનના સિક્યોરિટી ચીફ અલી લારીજાનીના મોત પર પણ વાત કરી અને કહ્યું કે, અમારી તરફથી કોઈ સીઝફાયર થશે નહીં.

તેમણે કહ્યું કે, અમે પોતાની રક્ષા કરવાનો રસ્તો પસંદ કર્યો છે અને અમે તેને ત્યાં સુધી ચાલુ રાખીશું જ્યાં સુધી સામે પક્ષ આ વાત સમજી ન જાય. હુસૈનીએ વધુમાં કહ્યું કે, અમે અમારી રક્ષા યુદ્ધના અંત સુધી કરતા રહીશું. બીજા પક્ષે જ યુદ્ધ ખતમ કરવું પડશે. કોઈ સીઝફાયર નહીં થાય, સીધું યુદ્ધ જ ખતમ થશે.

## ઈરાને કુવૈતમાં તેલ રિફાઈનરીમાં ડ્રોન હુમલાથી ભીષણ આગ લાગી

(જી.એન.એસ) તા. ૧૯
કુવૈત, કુવૈતે ગુરુવારે જણાવ્યું હતું કે નાના, તેલ સમૃદ્ધ રાષ્ટ્રમાં એક તેલ રિફાઈનરીમાં ડ્રોન હુમલાથી ભીષણ આગ લાગી હતી. રાજ્ય સંચાલિત ન્દ્વેન્દ્વછ સમાચાર એજન્સીએ આ જાહેરાત માટે કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશનને ટાંકીને જણાવ્યું હતું. કુવૈતે એમ પણ કહ્યું હતું કે ડ્રોન હુમલા પછી બીજી તેલ રિફાઈનરીમાં આગ લાગી છે, એમ સમાચાર એજન્સી છ એ અહેવાલ આપ્યો હતો. તેણે કહ્યું હતું કે ડ્રોન હુમલાથી મીના અલ-અહમદી રિફાઈનરીમાં આગ લાગી હતી પરંતુ કોઈ ઈજા થઈ નથી. રિફાઈનરી મધ્ય પૂર્વની સૌથી મોટી રિફાઈનરીઓમાંની એક છે, જેની પેટ્રોલિયમ ઉત્પાદન ક્ષમતા દરરોજ ૭,૩૦,૦૦૦ બેરલ છે.

ઈરાને ગલ્ફ રાષ્ટ્રો પર તેના હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા

આ વિકાસ ત્યારે થયો જ્યારે ઈરાને ગુરુવારે તેના ગલ્ફ આરબ પડોશીઓના ઉર્જા માળખા પર તેના હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા, કતારના લિક્વિફાઈડ નેચરલ ગેસ સુવિધાઓ અને કુવૈતી તેલ રિફાઈનરીને આગ લગાવી દીધી કારણ કે તેણે તેના મુખ્ય કુદરતી ગેસ ક્ષેત્ર પર ઈઝરાયલી હુમલા બાદ વળતો પ્રહાર કર્યો, જે મધ્યપૂર્વ યુદ્ધમાં મોટો ઉછાળો છે જેના કારણે વૈશ્વિક ઈંધણના ભાવમાં વધારો થયો છે.

સંયુક્ત આરબ અમીરાતના દરિયાકાંઠે એક જહાજ સળગી ગયું, અને કતારની બહાર બીજું જહાજ નુકસાન થયું, જે હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનના કબજાને કારણે જહાજોના હંમેશા રહેલા જોખમને દર્શાવે છે.

વિશ્વ બજારો માટે કુદરતી ગેસનો મુખ્ય સ્ત્રોત કતાર, જણાવ્યું હતું કે ઈરાની મિસાઈલ હુમલાઓથી પ્રભાવિત થયા પછી અગ્નિશામકોએ એક મુખ્ય ન્દ્રય સુવિધામાં આગ બુઝાવી હતી.

## ઈરાન યુદ્ધ મુદ્દે કોંગ્રેસમાં બે ફાંટા

### થરૂરે કહ્યું- ચૂપ રહેવું એ પણ એક વ્યૂહરચના જ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૯ : ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા તથા સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ બાદ ભારતનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ ગંભીર વૈશ્વિક પરિસ્થિતિમાં ભારત સરકારના મૌન પર કોંગ્રેસના જ બે દિગ્ગજ નેતાઓના મંતવ્યોમાં વિરોધાભાસ જોવા મળ્યો છે. સોનિયા ગાંધીએ સરકારની ટીકા કરતાફ આ વલણને નૈતિક પતન ગણાવ્યું, જ્યારે સાંસદ શશી થરૂરે તેને એક જવાબદાર અને સુનિયોજિત કૂટનીતિ ગણાવી સરકારનો બચાવ કર્યો છે. સોનિયા ગાંધીએ એક લેખ દ્વારા સરકાર પર પ્રહાર કરતાફ જણાવ્યું હતું કે, ઈરાનની સંપ્રભુતાનું ઉલ્લંઘન અને એક રાષ્ટ્રાધ્યક્ષની હત્યા જેવા ગંભીર મામલે નવી દિલ્હીનું મૌન ભારતની વિદેશ નીતિની વિશ્વસનીયતા પર સવાલો ઊભા કરે છે.

## પાક.માં વાવાઝોડાએ તબાહી મચાવી; ૨૧ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૧૯ : પાકિસ્તાનમાં બુધવારે આવેલા ભયાનક વાવાઝોડા અને વરસાદે ભારે વિનાશ વેર્યો છે. પોલીસ અને રાહત અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. હવામાન વિભાગે જણાવ્યું કે, બુધવારે કેટલાક વિસ્તારોમાં ૯૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સૌથી વધારે જીવલેણ ઘટના કરાચીના બાલ્ડિયા ટાઉન વિસ્તારમાં બની, જ્યાં એક દિવાલ ધરાશાયી થવાથી ૧૩ લોકોના મોત થયા છે. આ લોકો વરસાદથી બચવા માટે દિવાલ પાસે ઊભા હતા, પરંતુ ભારે પવન ફૂંકાતા દિવાલ ધરાશાયી થઈ હતી.

અન્ય ઘટનાઓની વાત કરીએ તો કુરંગી નંબર ૩માં છત ધરાશાયી થતાં એક મહિલાનું મોત થયું છે. જ્યારે મેમન ગોઠમાં હજરત નામના વ્યક્તિનું વીજળીના ઝટકાથી મોત થયું છે.

ગુલિસ્તાન-એ-જૌહરમાં ચાર વર્ષની નાની બાળકી પર દિવાલ પડવાથી મોત થયું છે. નીલમ કોલોનીમાં એક મહિલા પર ઝાડ પડવાથી તેનું મોત થયું છે. પાકિસ્તાનના કરાચીમાં ભારે વાવાઝોડું આવતા ઠેર-ઠેર ઝાડ ધરાશાયી થયા છે, કેટલાક વિસ્તારોમાં વીજળીના થાંભલા અને છતો પણ ધરાશાઈ થઈ છે. તો વાવાઝોડું આવતા કેટલાક સ્થળોએ પ્લાસ્ટિકની ખુરશીઓ સહિત અન્ય સામાન હવામાં ઊડતો જોવા મળ્યો હતો. રેસ્ક્યુ ૧૧૨૨ની ટીમો સતત કાટમાળ હટાવવા અને ફસાયેલા લોકોને બહાર કાઢવાના કામમાં જોડાયેલી છે. ઘણા વિસ્તારોમાં વીજળી ગૂલ થઈ જતાં પરિસ્થિતિ વધુ બગડી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ખરાબ હવામાનની ચેતવણી જારી કરી છે.

## પાક.-અફઘાન વચ્ચે ઈદ સુધી સીઝફાયર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૯

સીમા વિવાદ અને આતંકવાદી હુમલાઓને કારણે યુદ્ધની અણીએ પહોંચેલા પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઈદ-ઉલ-ફિત્રના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને સીઝફાયરની જાહેરાત કરવામાં આવી છે. સાઉદી અરેબિયા, તૂર્કિયે અને કતાર જેવા મિત્ર દેશોની મધ્યસ્થી અને વિનંતી બાદ બંને પક્ષોએ લશ્કરી કાર્યવાહી સ્થગિત રાખવાનો નિર્ણય લીધો છે.પાકિસ્તાનના સૂચના મંત્રી અતાઉલ્લાહ તરારએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આ અંગેની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે લખ્યું કે, 'ઓપરેશન ગઝ્બ-લિલ-હક' હેઠળ સરહદી વિસ્તારોમાં ચાલી રહેલા હુમલાઓને ૧૮ માર્ચની મધ્યરાત્રિથી ૨૩ માર્ચ સુધી રોકી દેવામાં આવશે. જોકે, પાકિસ્તાને ચેતવણી પણ આપી છે કે જો સરહદ પારથી કોઈ ઉશ્કેરણીજનક હુમલો કે આતંકવાદી ઘટના બનશે, તો આ કામગીરી તાત્કાલિક ફરી શરૂ કરવામાં આવશે.' પાકિસ્તાનની જાહેરાતના કલાકો બાદ અફઘાન સરકારના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે પણ સુરક્ષા દળો દ્વારા સંરક્ષણ કામગીરી સ્થગિત કરવાની પુષ્ટિ કરી હતી. મુજાહિદે જણાવ્યું હતું કે, 'અમે ઈદના અવસરે અને મિત્ર દેશોના માન ખાતર વિરામ રાખ્યો છે, પરંતુ કોઈપણ આક્રમણનો બહાદુરીપૂર્વક જવાબ આપવા અમે તૈયાર છીએ.'આ સીઝફાયર એવા સમયે આવ્યો છે જયારે અફઘાનિસ્તાને પાકિસ્તાન પર કાબુલની 'ઓમિદ' હોસ્પિટલ પર હુમલો કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. અફઘાન અધિકારીઓએ દાવો કર્યો હતો કે, પાકિસ્તાની હવાઈ હુમલામાં ૪૦૮ લોકોના મોત થયા છે અને ૨૬૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અફઘાનિસ્તાનમાં બુલડોઝરની મદદથી મોટી કબરો ખોદીને મૃતકોના સામૂહિક અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હોવાના અહેવાલો છે.

## રાજ્યમાં ૧૮૨ નવી બસનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી, મંત્રીઓ




**ગાંધીનગર, તા.૧૯ :** સમગ્ર રાજ્યમાં ગુજરાત એસ.ટી. દરરોજ ૮ હજારથી વધુ બસના કાફલા સાથે ૨૭ લાખથી વધુ મુસાફરોનું પરિવહન કરે છે. નિગમે જનસેવા પ્રતિબદ્ધતામાં એક નવું સિમાચિહ્ન ૧૮૨ નવીન ગુર્જર નગરી બસના લોકાર્પણથી ઉમેર્યું છે. રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભાવિસ્તાર માટે એક એમ કુલ ૧૮૨ નવીન બસને મુસાફરોની સેવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા વાહન વ્યવહાર રાજ્ય મંત્રી પ્રવીણ માળીના હસ્તે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવાનો સમારોહ ગાંધીનગરમાં બુધવારે યોજવામાં આવ્યો હતો. રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ આ સમારોહમાં સહભાગી થયા હતાં. મુખ્યમંત્રીએ આ નવીન બસોના ડ્રાયવર્સને પ્રતિકરૂપે ચાવી અર્પણ કરી હતી.

પહેલી વખત વલસાડ જિલ્લા ભાજપ સંગઠને પોતાના કાર્યકરોને ગાંધીનગર ખાતે લોકાર્પણ સમારંભમાં ખાસ બસ ફાળવી પહોંચાડ્યા હતાં. વલસાડ વિભાગને ૧૭ ગુર્જરનગરી મળી છે.

## કચ્છ સહિત અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૯ :** હવામાન ખાતા દ્વારા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે ૧૮, ૧૯ અન ૨૦ તારીખે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેમાં આજે રાજ્યભરમાં ભારે પવન સાથે વરસાદની આગાહી, અનેક જિલ્લામાં વાવાઝોડા જેવી સ્થિતિ છે ત્યારે આવતીકાલે કચ્છ સહિત અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી છે. ત્યારે રાજકોટ જિલ્લાના વીંછીયા પંથકમાં આજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ધોધમાર વરસાદની સાથે ભારે પવન અને કરા પડતા સમગ્ર પંથકમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. ત્યારે ભાવનગર સહિત અનેક પંથકમાં સિહોર અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં આજે કુદરતનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. ભરઉનાળે વાતાવરણમાં આવેલા પલટાએ મિની વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરતા સમગ્ર પંથકમાં અફરાતફરી મચી ગઈ હતી.

અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. શહેરમાં જોરદાર પવન ફૂંકાતા અનેક વિસ્તારોમાં વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે પવનના કારણે ઘણા વિસ્તારોમાં ઝાડ તૂટી પડવાના બનાવ બન્યા હતા. રસ્તાઓ પર મૂકવામાં આવેલા બેરિકેડ્સ પણ ઉખડી ગયા હતા, જેના કારણે વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. વસ્ત્રાપુર વિસ્તારમાં ભારે પવનના કારણે પોલીસ બુથ પણ ધરાશાયી થઈ ગયું હતું. આ પરિસ્થિતિને કારણે શહેરમાં લોકોમાં ચિંતા અને ભયનો માહોલ જોવા મળ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા અગાઉ કમોસમી વરસાદ અને ભારે પવનની આગાહી કરવામાં આવી હતી જેના પગલે આજે ૧૯ માર્ચની વહેલી સવારથી જ અમદાવાદ સહિતના શહેરોમાં જોરદાર પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી. આશરે ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા શહેરમાં ધૂળની ડમરીઓ ઉડી હતી. જેના કારણે વાતાવરણ ધૂળમય બની ગયું હતું. આ પરિસ્થિતિમાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઠંડા પવનના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

મહેસાણા જિલ્લામાં રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવન સાથે કેટલાક વિસ્તારોમાં મીની વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. પવન એટલો જોરદાર હતો કે શહેર અને ગામડાઓમાં અંધારપટ છવાઈ ગયો હતો. અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. જેના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. સ્થાનિક તંત્ર દ્વારા વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હિંમતનગરમાં પણ આવી જ પરિસ્થિતિ જોવા મળી હતી, જ્યાં ધૂળની આંધી સાથે પવન ફૂંકાતા વીજળી ગુલ થઈ ગઈ હતી. વિસનગરમાં ભારે પવનના કારણે દુકાનોના શેડ ધરાશાયી થયા અને હોર્ડિંગ્સ પણ ઉડી ગયા હતાં.


## પશ્ચિમ રેલ્વે ખાસ ટ્રેનોની ટ્રીપ લંબાવશે

| ટ્રેન નં. | પ્રસ્થાન | ગંતવ્ય | દોડાવાના દિવસો | સુધી લંબાવાશે |
|---|---|---|---|---|
| ૦૯૨૦૭ | બાન્દ્રા ટર્મિનસ | ભાવનગર ટી. | શુક્રવાર | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૨૦૮ | ભાવનગર ટી. | બાન્દ્રા ટર્મિનસ | ગુરુવાર | ૩૦.૦૭.૨૦૨૬ |
| ૦૯૪૧૫ | બાન્દ્રા ટર્મિનસ | ગાંધીધામ | ગુરુવાર | ૩૦.૦૭.૨૦૨૬ |
| ૦૯૪૧૬ | ગાંધીધામ | બાન્દ્રા ટર્મિનસ | ગુરુવાર | ૩૦.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૫૫ | બાન્દ્રા ટર્મિનસ | ઉધના | સોમ, મંગળ, બુધ, ગુરુ અને રવિ | ૨૯.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૫૬ | ઉધના | બાન્દ્રા ટર્મિનસ | સોમ, મંગળ, બુધ, શનિ અને રવિ | ૨૯.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૩૫ | બાન્દ્રા ટર્મિનસ | ઉધના | શુક્ર, શનિ | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૩૬ | ઉધના | બાન્દ્રા ટર્મિનસ | ગુરુ, શુક્ર | ૩૦.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૩૭ | બાન્દ્રા ટર્મિનસ | ભુજ | ગુરુ, શનિ | ૩૦.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૩૮ | ભુજ | બાન્દ્રા ટર્મિનસ | શુક્ર, શનિ | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૦૯ | બાન્દ્રા ટર્મિનસ | ભુજ | રવિવાર | ૨૬.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૦ | ભુજ | બાન્દ્રા ટર્મિનસ | સોમવાર | ૨૭.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૧ | બાન્દ્રા ટર્મિનસ | ભુજ | મંગળવાર | ૨૮.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૨ | ભુજ | બાન્દ્રા ટર્મિનસ | બુધવાર | ૨૯.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૭ | બાન્દ્રા ટર્મિનસ | વેરાવળ | રવિવાર | ૨૬.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૮ | વેરાવળ | બાન્દ્રા ટર્મિનસ | સોમવાર | ૨૭.૦૭.૨૦૨૬ |

સમય, રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.

ઉપરોક્ત બધી ટ્રેનોની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ ૨૦.૦૩.૨૦૨૬ થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in

અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો



### જોઈએ છે

અનુસૂચિત જનજાતિમાં લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસેથી

* ચોકીદાર - 7 પાસ * રસોયા - 5 પાસ

ની એક-એક જગ્યા માટે લેખિતમાં અરજીઓ દિન-7 (સાત) માં નીચેના સરનામે મંગાવવામાં આવે છે.

જરૂરી પ્રમાણપત્રોની ખરી નકલ મોકલવી

સરનામું :- સંત શ્રી આશારામજી ગુરૂકુલ સંચાલિત ઋષિકુમાર છાત્રાલય ડુંગરા (વાપી)

મો.નં.: 97261 11231, 97274 07044


### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ નં.૭૧ થી ૭૩/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રી નામદેવભાઈ ભાવુરામભાઈ બોચલ, રહે.ઘોટણ, તા.કપરાડા, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- તલાટી કમ મંત્રીશ્રી, ઘોટણ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **નામદેવભાઈ ભાવુરામભાઈ બોચલના** પિતા **ભાવુરામભાઈ હરજીભાઈ બોચલ**નું મરણ તા.૧૨/૦૪/૨૦૧૧નાં રોજ ઘોટણ, તા.કપરાડા ખાતે, તેમના દાદા **હરજીભાઈ ઝુલાભાઈ બોચલ**નું મરણ તા.૧૯/૦૭/૧૯૯૯નાં રોજ ઘોટણ, તા.કપરાડા ખાતે તથા તેમના માતા **સવિતાબેન ભાવુરામભાઈ બોચલ**નું મરણ તા.૨૨/૦૧/૨૦૧૪નાં રોજ ઘોટણ, તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ નં.૧૯૩થી ૧૯૬/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રી નવશ્યાભાઈ ભારેભાઈ ડગળા, રહે. ચેપા, તા.કપરાડા, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- તલાટી કમ મંત્રીશ્રી, ચેપા**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **નવશ્યાભાઈ ભારેભાઈ ડગળાના** મોટી મમ્મી **ગંગાબેન રતન્યાભાઈ ડગળા**નું મરણ તા.૦૬/૦૫/૧૯૭૨નાં રોજ ચેપા, તા.કપરાડા ખાતે, તેમના પિતા **ભોરેભભાઈ ખંડિયાભાઈ ડગળા**નું મરણ તા.૦૫/૧૦/૧૯૯૭નાં રોજ ચેપા, તા.કપરાડા ખાતે, તેમના મોટા પપ્પ **રતન્યાભાઈ ખંડીયાભાઈ ડગળા**નું મરણ તા.૦૧/૦૪/૧૯૭૨નાં રોજ ચેપા, તા.કપરાડા ખાતે, તથા તેમના માતા **સગુનીબેન ભોરેભાઈ ડગળા**નું મરણ તા.૦૧/૦૫/૨૦૦૧નાં રોજ ચેપા, તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૨૦૭/૨૦૨૫**

**અરજદાર :** બાબુભાઈ રઘુભાઈ ભગર્યા
પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **બાબુભાઈ રઘુભાઈ ભગર્યાનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૬૨ના રોજ મોજે પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત પાનસના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત પાનસને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી પાનસની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ નં.૫૮ અને ૫૯/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રી જાબર ગુનાભાઈ માહદુભાઈ, રહે. ઉમરપાડા, તા.કપરાડા, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- તલાટી કમ મંત્રીશ્રી, ઉમરપાડા**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **જાબર ગુનાભાઈ માહદુભાઈના** દાદી **રૂપાઈબેન ધાકલભાઈ જાબર**નું મરણ તા.૦૧/૦૫/૧૯૯૨નાં રોજ ઉમરપાડા, તા.કપરાડા ખાતે, તથા તેમના દાદા **ધાકલભાઈ બુધીયાભાઈ જાબર**નું મરણ તા.૦૧/૦૫/૧૯૯૦નાં રોજ ઉમરપાડા, તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૬૬/૨૦૨૬**

**અરજદાર :** બચુભાઈ લક્ષુભાઈ વાહુત
કાસ્ટુનિયા ફળિયા, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **નવસ્યાભાઈ લક્ષીભાઈનું** મરણ તા.૧૭/૦૫/૧૯૯૧ના રોજ મોજે માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત માંડવાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત માંડવાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી માંડવાની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ નં.૧૧૮થી ૧૨૨/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રી કાકડભાઈ રામુભાઈ કાંકડ, રહે.દહીંખેડ, તા.કપરાડા, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- તલાટી કમ મંત્રીશ્રી, દહીંખેડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **કાકડભાઈ રામુભાઈ કાંકડના** પિતા **રામુભાઈ જાન્યભાઈ કાંકડ**નું મરણ તા.૦૯/૦૪/૧૯૯૦નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે, તેમના દાદી **ઝીપરીબેન જાન્યાભાઈ કાંકડ**નું મરણ તા.૦૪/૦૨/૧૯૬૧નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે, તેમના બહેન **પૌવનાબેન દેવજીભાઈ કાંકડ**નું મરણ તા.૦૪/૦૫/૨૦૦૫નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે, તેમના માતા ગંગુબેન રામુભાઈ કાંકડનું મરણ તા.૦૮/૦૭/૧૯૯૭નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે તથા તેમના દાદા **જાન્યાભાઈ કાકડભાઈ કાંકડ**નું મરણ તા.૧૦/૦૮/૧૯૫૮નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ નં.૧૨૩થી ૧૨૩/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રી દસુભાઈ લાછીયાભાઈ કાંકડ, રહે.દહીંખેડ, તા.કપરાડા, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- તલાટી કમ મંત્રીશ્રી, દહીંખેડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **દસુભાઈ લાછીયાભાઈ કાંકડના** બેન **સોમીબેન ધનજીભાઈ ઢીઢા**નું મરણ તા.૧૭/૦૨/૨૦૨૨નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે, તેમના પિતા **લાછીયાભાઈ જાન્યાભાઈ કાંકડ**નું મરણ તા.૧૦/૦૮/૧૯૯૪નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે, તેમના ભાઈ **ધાકલભાઈ લાછીઆભાઈ કાંકડ**નું મરણ તા.૧૫/૦૫/૨૦૧૩નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે તથા તેમના માતા **લાછુબેન લાછીઆભાઈ કાંકડ**નું મરણ તા.૧૧/૦૭/૨૦૧૬નાં રોજ દહીંખેડ, તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ નં.૧૬૨થી ૧૬૪/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રી વિઠલભાઈ રામાભાઈ સવરા, રહે. ચાવશાળા, તા.કપરાડા, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- તલાટી કમ મંત્રીશ્રી, ચાવશાળા**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **વિઠલભાઈ રામાભાઈ સવરાના** ભાભી **ગોદિબેન માહદયાભાઈ સવરા**નું મરણ તા.૧૨/૦૭/૨૦૨૦નાં રોજ ચાવશાળા, તા.કપરાડા ખાતે, તેમના માતા **ચેંદરીબેન રામાભાઈ સવરા**નું મરણ તા.૦૮/૦૭/૧૯૮૮નાં ચાવશાળા, તા.કપરાડા ખાતે, તથા તેમના પિતા **રામાભાઈ ગંગારામાભાઈ સવરા**નું મરણ તા.૧૫/૦૮/૨૦૦૨નાં રોજ ચાવશાળા, તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ નં.૧૩૩ અને ૧૩૪/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રી કેસરે નગીનભાઈ દેવજીભાઈ, રહે. નાંદગામ,તા.કપરાડા, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- તલાટી કમ મંત્રીશ્રી, નાંદગામ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **કેસરે નગીનભાઈ દેવજીભાઈના** પુત્રી **કેસરે દિક્ષિતાબેન નગીનભાઈ**નો જન્મ તા.૦૩/૦૯/૨૦૧૨નાં રોજ નાંદગામ, તા.કપરાડા ખાતે, તથા તેમના પુત્રી **કેસરે પાયલબેન નગીનભાઈ**નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૬નાં રોજ નાંદગામ, તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા





### ટેરેસ ગળે છે ??

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVĀN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon

LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa

Septic Tank Cleaner

ખાળ કુવાની સફાઈ

खार कुवे की सफाई

TANKER CAPACITY 8000 LITER

WATER JETTING, AIR BLOWING, VACUUMING

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.

આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

Contact: 99046 44348, 98247 28200



### દમણગંગા ટાઈમ્સ

ડીસ્કલેમર/ સ્પષ્ટતા

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

Friday 20, March 2026

# દમણગંગા ટાઈમ્સ



## વાપીમાં ગુડી પડવાની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** ચૈત્ર સુદ એકમ એ મરાઠી નવા નર્ષનો પ્રથમ દિવસ છે. ગુડી પડવાને 'વર્ષ પ્રતિપદા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે મહારાષ્ટ્ર ગોવા ગુજરાત અને તેની આજુબાજુના વિસ્તારમાં રહેતા મરાઠી કોકણી અને હિંદુઓ કોઈ પણ નવી બાબતનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ જ પસંદ કરે છે. જે અંતર્ગત આજે ચૈત્ર માસની શરૂઆત અને ચૈત્રી નવરાત્રી સાથે ગુડી પડવોનો તહેવાર હોય વાપી પંથકમાં વસતા મહારાષ્ટ્રીયન પરિવારના લોકો દ્વારા પોતાના ઘરે મુખ્ય દ્વારે તેમજ ઘરની ટેરેસ ઉપર ગુડીને લગાવી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

## ચીખલી હાઈવે પર કેમિબલ ભરેલ આઈસરમાં આગ લાગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૯ :** ચીખલી ઓવર બ્રિજ નીચે ચાર રસ્તા પાસે વહેલી સવારના મહારાષ્ટ્રના ભીવંડી થી પાનોલી ગામે કાર્બન ડાય સલ્ફાઈડ નામનું કેમિકલ લઈને જઈ રહેલ એક આઈસર ટેમ્પો નંબર યુપી ૪૬ ટી ૮૮૬૧માં અચાનક પાછળના ભાગે આગ ફાટી નીકળતા ટેમ્પો ચાલકે સમય સૂચકતા વાપરી ટેમ્પામાંથી ઉતરી જઈ ફાયર ફાઈટરને જાણ કરાતા ફાયર ફાઈટર ની મદદથી ટેમ્પામાં લાગેલી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

જોકે ચીખલી ચાર રસ્તા પાસે કેટલીક હોટલ અને નજીકમાં હોસ્પિટલો પણ આવેલી હોય ત્યારે ટેમ્પામાં લાગેલી આગ ઉપર કાબુ મેળવતા લોકોએ રાહત અનુભવી હતી.

## ડુંગરી હાઈવે પરની ફલડ લાઈટો ચાલું કરવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૯ :** ડુંગરી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ ઓવરબ્રીજ તેમજ સર્વિસ રોડ ની લાઈટ બંધ રહેતા લોકોને ભારે હાલાકી પડી રહી છે.

ડુંગરી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર તેમજ સર્વિસ રોડ ઉપર રોજના હજારોની સંખ્યામાં વાહનો અવર-જવર કરતા હોય છે એટલું જ નહીં પરંતુ નજીકમાં કેટલીક ફેક્ટરીઓ અને રહેણાંક વિસ્તાર પણ આવેલો છે ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા સાંજના સમયે બ્રિજ ઉપર લગાવેલ હાય મસ્ટ લાઈટો તથા સર્વિસ રોડ ઉપર મૂકવામાં આવેલ લાઈટો બંધ રહેતા વાહનો લઈને પસાર થતા વાહન ચાલકો તેમજ રાહદારીઓને લાઈટ બંધ હોવાના કારણે ભારે મુશ્કેલી પડી રહી છે.

જોકે ફલડ લાઈટો ચાલુ હોય તો અજાણ્યા વાહન ચાલકોને પણ કયા વિસ્તારમાં થી પસાર થઈ રહ્યા છે. તેની જાણ થઈ શકતી હોય છે ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા બ્રિજ ઉપર તેમજ સર્વિસ રોડ પર બંધ પડેલી લાઈટોને જલ્દીથી ચાલુ કરવામાં આવે તે જરૂરી છે.

## તીઘરાથી જુગાર રમતાં પાંચ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૯ :** પારડી પોલીસ એ પ્રોહિબીશન અને જુગાર વિરોધી કાર્યવાહી અંતર્ગત પારડી તાલુકાના તિઘરા ગામમાં આવેલ ડુંગરી ફળીયામાં દરોડો પાડી ગેરકાયદેસર રીતે ગંજીપત્તાથી જુગાર રમતા ૫ ઈસમોને ઝડપી પાડ્યા હતા પારડી પોલીસ મથકના પી.આઈ જીઆર ગઢવીના માર્ગદર્શન હેઠળ પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઈ રાજુભાઈ બલાવિયા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતા દરમિયાન ખડકી બ્રિજ નજીક ખાનગી બાતમી મળતા પોલીસ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી ત્યાં બિપીનભાઈ રમણભાઈની દુકાન સામે ઓટલા પર કેટલાક ઈસમો ગોળ બેસીને પૈસાથી ગંજીપત્તાનો હાર-જીતનો જુગાર રમતા જોવા મળ્યા હતા પારડી પોલીસને જોઈ ઈસમો ભાગવાનો પ્રયાસ કરતા હતા, પરંતુ પોલીસે તેમને કોર્ડન કરીને ઝડપી લીધા હતા. પંચોની હાજરીમાં તપાસ દરમિયાન ગંજીપત્તા તથા રોકડ રૂપિયા મળ્યા હતા પકડાયેલા ઈસમોમાં રતિલાલ બાબુભાઈ નાયકા બાલુભાઈ જગુભાઈ હળપતિ કમલેશભાઈ જીણાભાઈ હળપતિ ભાયલુભાઈ ભીમાભાઈ હળપતિ રાજુભાઈ મગનભાઈ નાયકનો સમાવેશ થાય છે. પોલીસે કુલ રૂપિયા ૯૦૦ના મુદ્દામાલ સાથે ગંજીપત્તાના ૫૨ પત્તા કબ્જે કર્યા છે. આરોપીઓ સામે જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કરંજવેરી પાસે કાર-બાઈક અકસ્માત : બે ઘાયલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** વાંસદા-ધરમપુર રોડ પર કરંજવેરી ત્રણ રસ્તા પાસે કાર અને મોટરસાઈકલ વચ્ચે થયેલી અથડામણમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરે અંદાજે ૨:૩૦ વાગ્યે મારુતિ સુઝુકી સીયાઝ કાર (નં. GJ-15-CD-5575) ના ચાલક નસરૂદ્દીન હલીમ અન્સારી (રહે. વાપી) દ્વારા પૂરઝડપ અને બેદરકારીથી વાહન હંકારતા હીરો સ્પ્લેન્ડર બાઈક (નં. GJ-15-EA-9901) સાથે અથડામણ સર્જાઈ હતી.

આ અકસ્માતમાં બાઈક ચાલક શિવાભાઈ જાનુભાઈ વઢાળી તેમજ પાછળ બેસેલા મનોજભાઈ શિવાભાઈ વઢાળી (રહે. મેંણધા, કપરાડા) ઈજાગ્રસ્ત થયા છે. મનોજભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે.

## સુરતની મહિલાનું ટ્રેનમાં લેપટોપ ચોરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** મુંબઈ સેન્ટ્રલ થી સૌરાષ્ટ્ર મેલ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરનારી સુરતની મહિલાનો લેપટોપ ભરેલું બેગ ની ચોરી થતા વલસાડ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

૩૭, રુપાલી સોસા., નીયર રૂપાલી નહે ૨ ભટાર રોડ સુરત ના ભટ્ટા રોડ ૩૯ રૂપાલી સોસાયટી માં રહેતી પ્રમેય જૈન જેઓ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ રાત્રે ૯:૪૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ રે, સ્ટેશન થી સુરત આવવા માટે સૌરાષ્ટ્ર ટ્રેન મા બી/૩ કોચમાં સીટ નં. ૪૧ ઉપર રિઝર્વેશન હોવાથી તેઓ બેસી ગયા હતા આ મુસાફરી દરમિયાન સીટ પર ઊંઘી ગઈ હતી. નવસારી સ્ટેશન આવતા પહેલા જોયું તો પોતાની સીટ પર મુકેલ બેગ જોવા મળી ન હતી. ડબ્બામાં તપાસ કરવા તેમ છતાં બેગ નહીં મળી આવતા કોઈ ચોરી ઈસમે બેગ ચોરી કરી જતાં તેમાં મુકેલ ૮૦,૦૦૦ રૂપિયાની મતાનો લેપટોપ કિંમત ૮૦,૦૦૦ તથા હાર્ડ ડ્રાઈવ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ ૧ લાખ રૂપિયાની મતાની કોઈ ચોર સમચોરી કરી ગયો હતો. નવસારી સ્ટેશન આવતા ઉડી ગઈ હતી.

## વશીયરથી રૂા. ૨.૫૦ લાખના દારૂ સાથે દમણની મહિલા ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ રૂરલ પોલીસની ટીમને મળેલી બાતમી આધારે વશીયર પાસે ના ડી માર્ટ પાસે વોચ ગોઠવી કાર ને અટકાવી તેની અંદરથી ૨,૫૦,૦૦૦ ના દારૂ સાથે દમણની મહિલાને ઝડપી પાડી છે . જ્યારે પોલીસે બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા છે.

વલસાડ રૂરલ પોલીસે બાતમીના આધારે વશિયર પાસે ના ડી-માર્ટ બ્રિજ પાસે નાકાબંધી કરી એક સિલ્વર કલરની ઈનોવા કાર ને અટકાવી બુટલેગરોએ પોલીસથી બચવા માટે કાર પર ખોટી નંબર પ્લેટ GJ-15-CB-8499 લગાવી હતી, જયારે એન્જિન અને ચેસિસ નંબર પરથી અસલી નંબર અલગ હોવાનું જણાયું હતું. પોલીસે કારમાંથી દારૂની બાટલી નંગ ૮૧૬ બોટલની કિંમત ૨,૫૦,૪૫૦ અને ઈનોવા કાર ની કિંમત ૬ લાખ મળી કુલ ૮.૬૦ લાખનો મુદ્દામાલ સાથે પોલીસે કારની અંદર બેસેલી દમણની ખુશી રાણા નામની મહિલા ની ધરપકડ કરી છે.

જ્યારે પોલીસે બે આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે વલસાડ રૂવલ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરાઈ છે.

## વલસાડ અને ડાંગ જીલ્લામાં પણ હવામાનમાં પલ્ટો

**વાપી, તા. ૧૯ :** આજે હવામાન વિભાગની આગાહીના પગલે દ.ગુ.ના વિસ્તારોમાં પણ હવામાનમાં પલ્ટો જોવા મળ્યો હતો. જેમાં દરિયા કાંઠાના વિસ્તારો ઉપરાંત વાપી, વલસાડથી લઈને છેક ડાંગ સુધી મોડી સાંજે સુસવાટા ભેર પવન ફુકાયો હતો. અને આકાશમાં વાદળછાયું વાતાવરણ પણ સર્જાયુ હતું. અચાનક આવેલા આ પલ્ટાને પગલે ખાસ કરીને આંબાવાડીઓના ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી હતી. જયારે નગર અને શહેરી વિસ્તારોમાં જાહેર માર્ગો પર રાહદારીઓ અને ફેરિયાઓ વગેરેને હાલાકી વર્તાઈ હતી. વલસાડ અને વાપીમાં પણ સુસવાટા ભેર પવન ફુકાતાં હવામાં કચરો વગેરે ઉડતાં જોવા મળ્યા હતાં.

## બીલીમોરા-ગણદેવી પંથકમાં વાતાવરણમાં પલ્ટો

### હવામાન વિભાગની આગાહી વચ્ચે પવન સાથે ધૂળની ડમરી ઉડી, વીજ પુરવઠો ખોરવાયો; કેરી પાકને નુકસાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૯ :** હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં અચાનક વાતાવરણ પલટાની આગાહી વચ્ચે ગણદેવી, બીલીમોરા પંથકમાં ગુરુવાર સમી સાંજે અચાનક જોરદાર પવન ફૂંકાતા ધૂળની ડમરી ઊડી હતી. આચાનક આવેલા પવનથી માર્ગો પર દૃશ્યતા ઘટી જતા વાહનચાલકો ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકોને રસ્તા કિનારે થંભી જવું પડ્યું હતું.



અચાનક બદલાયેલા વાતાવરણને કારણે અનેક વિસ્તારોમાં ધૂળના ગોટા ઉડતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પવનની ગતિ વધુ હોવાને કારણે કેટલાક સ્થળોએ ઝાડની ડાળીઓ તૂટી પડી હતી તેમજ રસ્તાઓ પર ધૂળનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. આ પરિસ્થિતિ વચ્ચે થોડા સમય માટે વીજળી ડૂલ થતા અંધકાર છવાઈ ગયો હતો. ખાસ કરીને ખેડૂતો માટે આ પવન ભારે ચિંતાનો વિષય બન્યો છે. જોરદાર પવનથી કાચી કેરી જમીન પર પડી જતા પાકને નુકસાન થયું હોવાનું ખેડૂતોએ જણાવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીમાં વધારો જોવા મળતો હતો, ત્યારે અચાનક પવન સાથે વાતાવરણમાં બદલાવ આવ્યો હતો.

## ટુકવાડાની મહિલાએ ગળે ફાંસો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૯ :** પારડી તાલુકાના ટુકવાડા વિસ્તારમાં રહેતી ૨૬ વર્ષીય મહિલા એ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી છે અહીં ટૂંકવાડા ગામમાં પ્રીતિદેવી પોતાના પતિ રાકેશકુમાર ગૌતમ સાથે રહેતી હતી બંને વચ્ચે વતન જવાની બાબતે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ૧૮ માર્ચની સવારના સમયે રાકેશકુમાર બહાર ગયો હોય અને પરત ફર્યા બાદ થોડા સમય પછી પ્રીતિદેવી રૂમમાં પંખા સાથે દુપટ્ટા વડે લટકતી હાલતમાં મળી આવી હતી પાડોશીઓની મદદથી એના પતિએ દરવાજો ખોલી તાત્કાલિક નીચે ઉતારવામાં આવી હતી અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી પરંતુ તબીબોએ તપાસ કરતાં તેણીનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. ઘટનાની જાણ થતા પારડી પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી દવાખાને મોકલવામાં આવ્યો હતો પારડી પોલીસે અકસ્માત મોત દાખલ કરી આ બાબતની વધુ તપાસ હાથ ધરી છે.

## વલસાડમાં શ્રી કચ્છી ભાનુશાલી સમાજની વાડીમાં શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનો પ્રારંભ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** આજરોજ વલસાડમાં ધરમપુર ચોકડી પાસે વલસાડ ભાનુશાલી મહાજન દ્વારા રૂા. ૩૫ કરોડના ખર્ચે અદ્યતન સમાજવાડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સમાજવાડીના ઉદઘાટન અને લોકાર્પણના કાર્યક્રમોનો આજથી પ્રેરણાઓત પ.પૂ. સંત શ્રી હરિદાસજી મહારાજની નિશ્રામાં અને આવિચનો સાથે ધરમપુરના ભાગવતાચાર્ય પ.પુ. શરદભાઈ વ્યાસની સમુહ શ્રીમદ ભાગવત્ કથા જ્ઞાન યજ્ઞ (૩૦૬ પોથીઓ)ની શરુઆત સાથે પ્રારંભ થયો છે. આજરોજ દીપકભાઈ પંડ્યા ના આચાર્ય પદે સવારે ૧૧:૦૦ કલાકે વાલરામ ચાલીસા થી કાર્યક્રમ ની શરૂઆત કરી બાદમાં બપોરે ૧:૦૦ કલાકે પોથીયાત્રા ધરમપુર ચોકડી થી વૈકુંઠધામ કથા સ્થળે વાજતે ગાજતે નની કુમારી કા બાળાઓ માથે કળશ લઈ નીકળી હતી. ૧૯ મી થી ૨૫ માર્ચ સુધી તા. ૨૫મી માર્ચ સુધી ભાગવત કથા ચાલશે. પ.પૂ. શરદભાઈ વ્યાસનો શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ, ભવ્ય સંતવાણી લોક ડાયરો, ભવ્ય ઓધવ રાસ અને મહાપ્રસાદનો લાભ મોટી સંખ્યામાં ભક્તો લઈ રહ્યા છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કચ્છી સમાજના ભાઈઓ બહેનો વડીલો યુવાનો મહિલાઓ બાળકો ભરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન ચૂંટણીમાં યુવા ઇન્ડસ્ટ્રીયલ પેનલનો ધુઆધાર પ્રચાર

### છેલ્લા એક દાયકાથી ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના હિતમાં બહુમતીથી ચૂંટાઈ યુવા ઈન્ડસ્ટ્રીયલ પેનલના સભ્યોએ નોંધપાત્ર કામગીરી કરી છે : ગત ટર્મ માં યુવા ટીમના સભ્ય કે જેઓ સંસ્થાના હોદ્દા પર રહી વ્યક્તિગત લાભ લેતા હોવાની બાબતે ઉદ્યોગકારોની નારાજગીને ધ્યાને લઈ વિવાદિત વ્યક્તિને પેનલમાંથી પડતા મુકાતા નવો મોરચો ઉભો કરાયો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** ઉમરગામ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટનું નેતૃત્વ કરતી યુઆઈએ (ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) સંસ્થા માં આગામી ૨૭ તારીખે ચૂંટણી અંતર્ગત મતદાન થવા જઈ રહ્યું છે.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનમાં છેલ્લી પાંચ ટર્મ થી યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ ને ઉદ્યોગકારોએ બહુમતી સાથે સત્તા શુકાન સોંપી સંસ્થા નું સંચાલન કરવાની તક આપી હતી. ઉદ્યોગકારોએ મુકેલા વિશ્વાસમાં યુવા ટીમના સભ્ય ખરા સાબિત થયા છે. ઉમરગામના ડ્રીમ પ્રોજેક્ટ સુવિધા સંપન્ન હોસ્પિટલનું ખાતમુહૂર્ત જે તે સમયના પ્રમુખ જીગ્નેશ

### નોટિફાઈડ બોર્ડ ચેરમેન તરીકે જીગ્નેશ બારી ની નિમણૂક બાદ યુવા ટીમમાં ઉત્સાહ : વિરોધી પેનલમાં એક્ઝિક્યુટિવ મેમ્બર માટે ૧૫ ઉમેદવારો પણ ન થતા ઉદ્યોગકારોમાં ભારે ચર્ચા

બારીના કાર્યકાળ દરમિયાન નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરાયું હતું. યુવા ઈન્ડસ્ટ્રીયલ પેનલમાં રહી ગત ટર્મમાં ચૂંટાયેલા સભ્યો પૈકીના કેટલાક વ્યક્તિઓએ હાલની ચૂંટણીમાં મોરચો ઉભો કર્યો છે.

ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારમાં ચાલતી ચર્ચા મુજબ ગત ટર્મમાં હોદ્દા પર રહી સ્વહિત ખાતર કામ કરતા અને એક ઉદ્યોગકારને છેતરી કામ કરી આપવા મોટી રકમ લીધા બાદ કામ ન કરી આપતા વિવાદ સર્જાયો હતો. જેને કારણે વિવાદિત વ્યક્તિને યુવા ટીમમાંથી પડતો મુકાયો હતો. આગામી ૨૭ માર્ચ ના રોજ મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે એક તરફ યુવા ટીમના ૧૫ ઉમેદવારો સામે પક્ષે બાર ઉમેદવારો ચૂંટણી પ્રચારમાં જોડાયા છે અને ઉદ્યોગકારોને સમર્થન માટે અનુરોધ કરી રહ્યા છે. મોટા ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિએ વિરોધી પેનલમાંથી પોતાનું નામ પાછું ખેંચી લેતા ચૂંટણીમાં એક તરફી માહોલ જોવા મળી રહ્યો છે. ઉદ્યોગકારોના મતે યુવા પેનલ બહુમતીથી વિજય થશે એ નિશ્ચિત જણાઈ રહ્યું છે.

## ચલામાં જીજ્ઞેશ દાદાની ભાગવત કથાનો પ્રારંભ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** આદિવાસી દીકરીઓના લાભાર્થે વાપીમાં શ્રી રાજેશ્વરી મેલડી માતાજી મંદિર મઢુલી ધામ દ્વારા જીજ્ઞેશ દાદાની ભાગવત કથાનું આયોજન સનરાઈઝ ગ્રુપ રાજુભાઈ બી વાળા અને વાઈબ્રન્ટ ચલા લેડીઝ ક્લબના મુખ્ય યજમાન પદે કરવામાં આવ્યું છે.

વાપીના ચલા કસ્ટમ રોડ ઉપર આવેલ તુલસી વાટીકા ની પાછળ તારીખ ૧૯-૩-૨૦૨૬ થી ૨૫-૩-૨૦૨૬ સુધી બપોરે ત્રણ થી છ કલાક દરમિયાન આદિવાસી સમાજની દીકરીઓના લાભાર્થે જીગ્નેશ દાદાની ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આ કથાના મુખ્ય યજમાન તરીકે નાજુભાઈ બી વાળા અને વાઈબ્રન્ટ ચલા લેડીઝ ક્લબ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આજે કથાની શરૂઆત પહેલા કુંતાથી પોથીયાત્રા નીકળી હતી. જેમાં વાપી ચલા મુક્તાનંદ માર્ગ ઉપર આવેલ સૂર્યવંશી મેઘા સ્ટોર થી લોકો જોડાયા હતાં. આ પોથીયાત્રાના યજમાન શ્રી ભાનુશાલી સૂર્યવંશી પરિવાર હતો. પોથીયાત્રા કથાના સ્થળ સુધી પહોંચી હતી. આજે કથાનો પ્રારંભ કથામાં પ.પૂ. ભારદ્વાજ બાપુ મોટા ખૂંટવાડા, સલવાવના પ.પૂ. કપિલ સ્વામીજી, ડાંગના હેતલ દીદી, ભાવનગરના સંતોષ સોંડા અને મહાનુભાવોના હસ્તે હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો.

આ કથાના આયોજન દરમ્યાન શ્રીકૃષ્ણ જન્મ ઉત્સવ તથા શ્રીરામ જન્મોત્સવ, ગોવર્ધન પૂજા, વામન ઉત્સવ, રૂક્ષ્મણી વિવાહ જેવા કાર્યક્રમો પણ યોજાશે જ્યારે કથા દરમિયાન રોજ રાત્રે લોક ડાયરાનું આયોજન કરાયું છે.જેમાં પૂનમ આહીર ભાવનાબેન જોશી તેમજ અન્ય કલાકારો ઉપસ્થિત રહેશે.

આદિવાસી દિકરીઓના લાભાર્થે યોજાઈ રહેલી આ કથા દરમિયાન બરૂમાળના પ.પૂ. વિદ્યાનંદજી મહારાજ, પુનાટ આશ્રમના પ.પૂ. અખંડાનંદ સ્વામીજી, વલસાડના શિવજી મહારાજ, ધરમપુર વ્યાસ આશ્રમના પ.પૂ. શરદભાઈ વ્યાસ, ખેરગામના પ્રફુલભાઈ શુક્લા તેમજ દેવુભાઈ જોશી સહિત વાપી દમણ અને વલસાડના બ્રહ્માકુમારી બહેનો તેમજ અનેક સંતો -મહંતો ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત રાજકીય આગેવાનોમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, રાજ્યના મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ, સાંસદ પૂનમબેન માડમ, મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, સોનલબેન સોલંકી, વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ તેમજ જિલ્લા કલેકટર અને જીલ્લા પોલીસ વડા સહિત વહીવટી તંત્રના અનેક વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહેશે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**